RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 27-09-2026 I VOL : 12 I Issue : 192 I Page : 8 I Price : 1.00/-

**સુવિચાર**

ધીરજ રાખો, દરેક રાત પછી સવાર આવે છે. માણસની ઓળખ તેના શબ્દોથી નહીં, તેના કર્મોથી થાય છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3



જામનગરમાં આરોગ્ય સાથે ચેડાં: સીલપેક સોડાની બોટલમાંથી નીકળ્યો...

4



યોગી દિલ્હી પહોંચ્યા, PM મોદીને મળ્યા: નિતિન નવીનને પણ મળશે

6



'ક્યાં સુધી પૂછશો કે છોકરીએ શું પહેર્યું હતું': ક્રિતિ પિતૃસત્તાત્મક...

7



વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ પહેલાં શુભમન ગિલ ઈજાગ્રસ્ત

## મોદી અને શાહે તેમને અમ્પાયર બનાવીને ભારતમાં ચૂંટણીમાં મેચ ફિક્સિંગની જવાબદારી સોંપી

# BJPએ જ્ઞાનેશ કુમાર પાસે ચૂંટણીમાં ફિક્સિંગ કરાવ્યું: રાહુલ

## SIR વિવાદ અને ચૂંટણી પંચમાં આયુક્તો વચ્ચે મતભેદો સામે આવ્યા બાદ મુખ્ય ચૂંટણી આયુક્ત સતત વિપક્ષના નિશાન પર

નવી દિલ્હી

SIR વિવાદ અને ચૂંટણી પંચમાં આયુક્તો વચ્ચે મતભેદો સામે આવ્યા બાદ મુખ્ય ચૂંટણી આયુક્ત સતત વિપક્ષના નિશાન પર છે. રાહુલ ગાંધીએ શનિવારે X પર પોસ્ટ કરીને કહ્યું કે જ્ઞાનેશ કુમારનો ઉપયોગ ભાજપ માટે ભરતી કરવા માટે કરવામાં આવ્યો. ત્યારબાદ મોદી અને શાહે તેમને અમ્પાયર બનાવીને ભારતમાં ચૂંટણીમાં મેચ ફિક્સિંગની જવાબદારી સોંપી દીધી. બીજી તરફ, પશ્ચિમ બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમને વેનિશ કુમાર પણ કહી દીધા છે. તેમની



પાર્ટીના સાંસદ કલ્યાણ બેનર્જીએ કહ્યું છે કે માત્ર 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) જ CEC જ્ઞાનેશ કુમારને હટાવી શકે છે. જો CJP કોઈ નક્કર પડકાર આપે, તો તેઓ કુમારને હટાવી શકે છે; અન્ય કોઈ રાજકીય પાર્ટી આવું કરી શકે નહીં. આ તરફ, વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન INDIA બ્લોકે 30 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં તમામ પાર્ટીઓની બેઠક બોલાવી છે. કોંગ્રેસ, મમતા બેનર્જીની TMC, CPIM સહિત અનેક પાર્ટીઓ તેમાં સામેલ થવાની સંભાવના છે. ઉત્તર 24 પરગણાના પાણીહાટીમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ભટ્ટાચાર્યએ કહ્યું કે પશ્ચિમ બંગાળના લોકોએ લાંબા સમય બાદ એવી ચૂંટણી જોઈ, જેમાં ભય અને હિંસાનું વાતાવરણ નહોતું. તેમના જણાવ્યા અનુસાર, લોકોને સ્વતંત્ર રીતે મતદાન કરવાની તક મળી અને ચૂંટણી દરમિયાન હત્યાની ઘટનાઓ બની નહોતી. તેમણે કહ્યું કે સરહદ સાથે જોડાયેલા રાજ્ય પશ્ચિમ બંગાળમાં જ્ઞાનેશ કુમારે મતદાર યાદીમાંથી બાંગ્લાદેશી ઘૂસણખોરોનાં નામ દૂર કરવાની પહેલ કરી. ભટ્ટાચાર્યએ કહ્યું કે રાજ્યની જનતા CECના કામથી ખુશ છે અને તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. સમિક ભટ્ટાચાર્યના નિવેદન પર વિપક્ષી નેતાઓનો પલટવાર શિવસેના (UBT) નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું- સમિક ભટ્ટાચાર્ય જેવા પરિપક્વ નેતા પાસેથી આવી ટિપ્પણીની અપેક્ષા નહોતી. કદાચ પશ્ચિમ બંગાળમાં BJPની મોટી જીત બાદ તેઓ વિશેષરૂપે આભાર વ્યક્ત કરવા માંગતા હોય. RJD સાંસદ મનોજ ઝાએ ભટ્ટાચાર્યના નિવેદન પર કટાક્ષ કરતાં કહ્યું- હું તેમની બુદ્ધિમત્તાને નમન કરું છું. ચોરી-લૂંટના આરોપોના પુરાવાઓ વચ્ચે આવી વિચારસરણી માટે સમિકને સૌથી પહેલાં ભારત રત્ન મળવો જોઈએ. ત્યાર બાદ જ કોઈ અન્ય વિશે વિચારવું જોઈએ.

## એક નજર...

### રકુલ પ્રીત સિંહના કિલર પોઝે વધાર્યું ઈન્ટરનેટનું તાપમાન



રકુલ પ્રીત તેના ફેન્સ સાથે જોડાયેલા રહેવા માટે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. રકુલ પ્રીત સિંહ પણ તેના લુકના કારણે ચર્ચામાં છે. તેની દરેક સ્ટાઈલે લોકોને દિવાના બનાવી દે છે. બોલીવુડ અને સાઉથ સિનેમાની જાણીતી અભિનેત્રી રકુલ પ્રીત સિંહ અવારનવાર પોતાના સુપર ગ્લેમરસ લુક અને ફેશન સ્ટેટમેન્ટને કારણે સોશિયલ મીડિયા પર છવાયેલી રહે છે.

## 'લદાખમાં એવી બળજબરી થઈ રહી છે એના જેવું ચીન પણ તિબેટમાં નથી કરતું'

### વાંગચૂકના નિવેદન પર સરકાર લાલઘૂમ

લદાખ

લદાખના સામાજિક કાર્યકર અને લેહ એપેક્સ બોડી(LAB)ના સભ્ય સોનમ વાંગચુકના લદાખની સ્થિતિની તિબેટ સાથે કરાયેલા સરખામણીના નિવેદનને લઈને વિવાદ સર્જાયો છે. ધર્મશાળા સ્થિત સેન્ટ્રલ તિબેટન એડમિનિસ્ટ્રેશન(CTA)એ વાંગચુકના નિવેદન સામે વાંધો વ્યક્ત કરીને તેને 'અયોગ્ય અને વાસ્તવિક સ્થિતિથી દૂર' ગણાવ્યું છે. CTAના પ્રવક્તા તેનઝિન લેકશેના જણાવ્યા મુજબ, તિબેટની વર્તમાન સ્થિતિને લદાખ સાથે સરખાવવી યોગ્ય નથી. 24 સપ્ટેમ્બર 2026ના રોજ લેહમાં ગયા વર્ષે થયેલી હિંસાની પ્રથમ વરસી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વાંગચુકે લદાખના રાજકીય મુદ્દાઓ અને લોકોની ચિંતાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે લદાખના લોકોએ ભારતને લોકશાહી અને સન્માનપૂર્વક જીવન જીવવાની આશાએ પસંદ કર્યું હતું. આ દરમિયાન તેમણે લદાખની સ્થિતિની તિબેટ સાથે સરખામણી કરતાં દાવો કર્યો હતો કે લદાખમાં જે પ્રકારનું દમન થઈ રહ્યું છે, તેવું ચીન તિબેટમાં પણ નથી કરી રહ્યું. CTAના પ્રવક્તા તેનઝિન



લેકશે દ્વારા કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે વાંગચુકની સરખામણી તિબેટની વાસ્તવિક સ્થિતિ દર્શાવતી નથી. CTAના જણાવ્યા અનુસાર, તિબેટ હજુ ચીનના શાસન હેઠળ છે અને ત્યાં તિબેટીઓના મૂળભૂત અધિકારો, ધાર્મિક સ્વતંત્રતા અને સાંસ્કૃતિક ઓળખ અંગે ગંભીર પ્રતિબંધો હોવાનો તેનો દાવો છે. જ્યારે લદાખમાં આવી કોઈ જ સ્થિતિ નથી.

## જોધપુરમાં વિશ્વના શક્તિશાળી ફાઈટર પ્લેન ઉતર્યા

### યુદ્ધાભ્યાસ 'તરંગ શક્તિ-2026' શરૂ; 8 દેશોના 3 હજારથી વધુ એર વૉરિયર્સ ભાગ લઈ રહ્યા છે

જોધપુર

જોધપુરના આકાશમાં આજે દુનિયાના શક્તિશાળી ફાઈટર પ્લેનોએ ઉડાન ભરી. યુદ્ધાભ્યાસ 'તરંગ શક્તિ-2026' શનિવારથી શરૂ થયો છે. 12 ઓક્ટોબર સુધી જોધપુર એરબેઝ પર ચાલનારા આ યુદ્ધાભ્યાસમાં ભારત સહિત 8 દેશોની એરફોર્સના જવાનો ભાગ લઈ રહ્યા છે. આ યુદ્ધાભ્યાસમાં સામેલ થવા માટે 32 નિરીક્ષકો અને આશરે 100 વિમાન અહીં પહોંચ્યાં છે. તેમાં 3,000થી વધુ એર વૉરિયર્સ ભાગ લઈ રહ્યા છે. ખાસ કરીને રાફેલ, તેજસ, સુખોઈ 30 એમકેઆઈ, પાંચમી પેઢીનું એફ-35, એફ-16 અને હવામાં ઈંધણ ભરતાં વિમાન (એર-ટુ-એર રિફ્યુઅલર) સહિત અનેક વિમાનો એકસાથે પોતાની ઓપરેશનલ ક્ષમતાનું પ્રદર્શન કરશે.

## વિવાદો વચ્ચે CEC જ્ઞાનેશ કુમારની અધ્યક્ષતામાં બેઠક

### ચૂંટણી પંચનું નિવેદન-'ફોર્મ 6નો વિવાદ કોઈ મોટો મુદ્દો નથી'

નવી દિલ્હી

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને લઈને ચાલી રહેલા તમામ વિવાદો વચ્ચે ચૂંટણી પંચે આજે 26




સપ્ટેમ્બર, 2026 એક મોટી બેઠક યોજી છે. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં પંચના ત્રણેય ચૂંટણી કમિશનર એટલે કે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમાર, ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશી સામેલ રહ્યા. આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે ફોર્મ 6ને લઈને જે વિવાદ છે, વાસ્તવમાં તે કોઈ મુખ્ય મુદ્દો છે જ નહીં. સુપ્રીમ કોર્ટે પણ ફોર્મ-6ના ડિક્લેરેશનને યોગ્ય માન્યું છે.

પંચ તરફથી એ પણ જણાવવામાં આવ્યું કે કેબિનેટ સેક્રેટરીને જે પત્ર લખવામાં આવ્યો હતો, તેને ચૂંટણી પંચના નીતિગત નિર્ણય સાથે કોઈ લેવાદેવા ન હતા. ચૂંટણી પંચ(ECI) તરફથી શનિવારે (26 સપ્ટેમ્બર, 2026) જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન મુજબ, બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનરની સાથે અન્ય બંને ચૂંટણી કમિશનરોએ સહમતિ સાથે અનેક નિર્ણયો લીધા છે.

## NEWS TRACK

### જિનપિંગને જતાં-જતાં ટ્રમ્પે આપી ચેતવણી, ચીન-અમેરિકા વચ્ચે 3 દિવસમાં કોઈ ડીલ નહીં

હાલમાં જ વિશ્વની બે સૌથી મોટી મહાસત્તાઓના પ્રમુખ વચ્ચે મુલાકાત થઈ, જેની વિશ્વના અનેક દેશોમાં ચર્ચા રહી. ચીનના પ્રમુખ શી જિનપિંગની ત્રણ દિવસીય અમેરિકા યાત્રા પૂર્ણ થઈ છે અને તેઓ શુક્રવારે વૉશિંગ્ટનથી બેઈજિંગ જવા રવાના થઈ ગયા છે. આ યાત્રા દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે વેપાર, ઈરાન, યુક્રેન, તાઈવાન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અત્યંત સંવેદનશીલ વિષયો પર લાંબી ચર્ચા થઈ હતી. જોકે, આ ભવ્ય બેઠક બાદ કોઈ ઐતિહાસિક નવી ડીલ થઈ જ નથી. જિનપિંગના રવાના થતાં જ ટ્રમ્પે પોતાના 'ટ્રુથ સોશિયલ' એકાઉન્ટ પર બંને નેતાઓની તસવીર શેર કરીને 'America is back' લખ્યું હતું, પરંતુ બંધ બારણે ટ્રમ્પે ચીનને ઈરાનના મામલે અત્યંત કડક ચેતવણી આપી દીધી હતી. આ સમગ્ર બેઠકમાં સૌથી ગંભીર મુદ્દો પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ અને ઈરાનની ભૂમિકા રહ્યો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સના અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી.

### ચૂંટણી પહેલા ટ્રમ્પને ઝટકો, 36 વર્ષમાં પહેલીવાર કોઈ પ્રમુખનું એપ્રૂવલ રેટિંગ તળિયે

અમેરિકામાં યોજાનારી આગામી 'મિડટર્મ' (મધ્યસત્ર) ચૂંટણીઓ પહેલાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. 'વોલ સ્ટ્રીટ જર્નલ'ના તાજેતરના અહેવાલ અને પોલિંગ સર્વે મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પની પોપ્યુલરિટી એટલે કે એપ્રૂવલ રેટિંગ ઘટીને માંડ 37 ટકા પર આવી ગઈ છે. સાલ 1990 પછી એટલે કે છેલ્લા 36 વર્ષમાં મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં કોઈપણ અમેરિકન પ્રમુખની આ સૌથી ઓછી રેટિંગ નોંધાઈ છે. નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની જીતના દાવા કરી રહેલા ટ્રમ્પ માટે આ આંકડા મોટો આંચકો માનવામાં આવી રહ્યા છે. રેટિંગમાં કડાકા પાછળના મુખ્ય કારણો ટ્રમ્પ પ્રશાસન સામે હાલમાં અનેક આંતરિક અને આંતરરાષ્ટ્રીય પડકારો ઊભા થયા છે, જેના કારણે જનતામાં અસંતોષ જોવા મળી રહ્યો છે. હાલમાં જ ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાગચીએ પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા, હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અને પરમાણુ વાટાઘાટો પુનઃ શરૂ કરવા માટે 7 દિવસનો સીઝફાયર પ્રસ્તાવ આપ્યો હતો.

# ગુજરાત યુનિવર્સિટીમાં 200 કરોડનું મહા-કૌભાંડ? શિક્ષણ જગતમાં ભૂકંપ; ગેરરીતિ પાછળ અસલી માસ્ટરમાઈન્ડ કોણ?

અમદાવાદ

ગુજરાતની ગૌરવવંતી અને રાજ્યની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા ગણાતી ગુજરાત યુનિવર્સિટી (Gujarat University) હવે વિદ્યાના ધામને બદલે ભ્રષ્ટાચાર અને કૌભાંડોના અડ્ડા તરીકે બદનામ થઈ રહી છે. યુનિવર્સિટીમાં આચરવામાં આવેલા કાળા કારનામાઓને લઈને એક અત્યંત ચોંકાવનારો ધડાકો થયો છે. શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચાતી માહિતી મુજબ, યુનિવર્સિટીમાં આશરે ૨૦૦ કરોડના આર્થિક કૌભાંડની ગંધ આવી રહી છે, જેને લઈને વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને સમગ્ર રાજ્યમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

નાણાકીય અનિયમિતતાઓ, કરોડો રૂપિયાની ગ્રાન્ટનો દુરુપયોગ અને વહીવટી લૂંટના આ મામલે હવે સવાલો ઉઠી રહ્યા છે કે આ કૌભાંડ પાછળ અસલી ચહેરાઓ કોના છે?

### શું છે સમગ્ર કૌભાંડની કહાની? (નાણાકીય ગેરરીતિઓના ગંભીર આક્ષેપો)

પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતા વહીવટી વરચસ્વ અને ભ્રષ્ટાચારના કારણે તિજોરી ખાલી થઈ રહી છે: અગાઉ પણ થયા છે મોટા આક્ષેપો: યુનિવર્સિટીમાં અગાઉ પણ વિવિધ વિદ્યાર્થી સંગઠનો (જેવા કે ABVP અને NSUI) દ્વારા કરોડો રૂપિયાની હેરાફેરીના આક્ષેપો કરવામાં આવ્યા છે. ક્યાંક ૩૪ કરોડ, ક્યાંક ૩૨ કરોડ તો ક્યાંક ૪૦ કરોડ સુધીના નાણાકીય ગોટાળાના આક્ષેપો અગાઉ સપાટી પર આવ્યા હતા.

આર્થિક નુકસાન અને ગ્રાન્ટનો દુરુપયોગ: યુનિવર્સિટીને વિવિધ સ્ત્રોતોમાંથી મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટ અને ફંડનો યોગ્ય ઉપયોગ કરવાના બદલે અંગત હિતો માટે




વેડફી નાખવામાં આવ્યા હોવાની ગંભીર ચર્ચાઓ ચાલી રહી છે. કાગળ પર પ્રોજેક્ટ્સ બતાવીને કે ફાજલ ખર્ચાઓ દર્શાવીને કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાની આશંકા છે.

ભરતી અને વહીવટી ગોટાળા: યુનિવર્સિટીમાં નિયમોને નેવે મૂકીને કરવામાં આવેલી કર્મચારીઓની ગેરકાયદેસર ભરતી અને પદના દુરુપયોગના મામલા પણ અગાઉ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે.

### પૂર્વ વહીવટી વંટોળ અને સવાલોના ઘેરામાં જવાબદારો

જ્યારે યુનિવર્સિટીમાં આટલા મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓની વાત સામે આવી છે, ત્યારે તપાસના તાર સીધા જ ઉચ્ચ સ્તરીય વહીવટી અધિકારીઓ અને પૂર્વ પદાધિકારીઓ તરફ ઈશારો કરી રહ્યા છે. અગાઉ પૂર્વ કુલપતિઓ અને જવાબદાર હોદ્દેદારો સામે ગ્રાન્ટની ફાળવણીમાં ગેરરીતિ તથા મનસ્વી નિર્ણયો લેવાના ગંભીર આક્ષેપો થઈ ચૂક્યા છે.

હવે સવાલ એ થાય છે કે:

1. શું આ ૨૦૦ કરોડનું કૌભાંડ માત્ર અફવા છે કે પછી કોઈ મોટું કાળું સત્ય બહાર આવવાની તૈયારીમાં છે?

2. યુનિવર્સિટીના વિકાસ માટે આવતા કરોડો રૂપિયા આખરે કયા ખાતામાં અને કોની તિજોરીમાં સરી પડ્યા?

3. શું શિક્ષણના મંદિરને લૂંટનારા આ ભ્રષ્ટ માફિયાઓ સામે કોઈ કડક તપાસ એજન્સી દ્વારા દરોડા પાડવામાં આવશે?

### તપાસમાં શું બહાર આવશે? (સરકાર અને એજન્સીઓની લાલ આંખ)

વિદ્યાર્થી સંગઠનો દ્વારા આ મામલે ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા છે અને ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ તપાસની માંગ ઉઠી છે. જો આ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરો (ED) કે ઓડિટ ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, તો અનેક દિગ્ગજોના મુખવટા ઉતરી શકે તેમ છે અને અનેક મોટા માથાઓ જેલના સળિયા પાછળ જઈ શકે છે. વિદ્યાના પવિત્ર ધામને લૂંટનારા આ લૂંટારાઓનો પર્દાફાશ કરવા માટે 'પાક્કો ગુજરાત' ની ટીમ સતત આ મામલા પર નજર રાખી રહી છે.

ગુજરાત યુનિવર્સિટી અને શિક્ષણ જગતના આવા જ સળગતા, વિસ્ફોટક અને અંદરના અહેવાલો સૌથી પહેલાં વાંચવા માટે જોડાયેલા રહો 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સાથે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## કોંગ્રેસે ખાનગી ગાડીમાં ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડ્યા : ગાંધીનગર મનપા ચૂંટણીના ફોર્મ ભરાતાંની સાથે જ હાઈવોલ્ટેજ ડ્રામા

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીનું રાજકારણ હવે ચરમસીમાએ પહોંચ્યું છે. તમામ 11 વોર્ડની 44 બેઠકો માટે નામાંકન પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, પરંતુ ફોર્મ ભરાતાંની સાથે જ પાટનગરના રાજકારણમાં મોટો ડ્રામા સર્જાયો છે. ભાજપે તમામ 44 બેઠકો પર પોતાના ઉમેદવારોના ફોર્મ ભરીને સત્તાવાર રીતે એકતરફી જીતનો હુંકાર ભર્યો છે, જ્યારે આમ આદમી પાર્ટીએ પણ 42 બેઠકો પર ઉમેદવારી નોંધાવી હોવાની માહિતી સામે આવી છે. બીજી તરફ કોંગ્રેસ છાવણીમાં ઉત્સાહની સાથેસાથે ભારે સાવચેતી અને ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપ દ્વારા તોડજોડ કરવામાં આવશે અથવા ઉમેદવારો પર દબાણ લાવીને નામાંકન પરત ખેંચાવવામાં આવશે તેવી પ્રબળ શંકાના આધારે કોંગ્રેસે મોટું પગલું ભર્યું છે. કોંગ્રેસે ફોર્મ ભર્યા બાદ પોતાના તમામ ઉમેદવારોને ગાંધીનગર ધારાસભ્યના નિવાસસ્થાનેથી બે અલગ-અલગ ખાનગી ગાડીઓમાં બેસાડીને અજ્ઞાત સ્થળે ખસેડી દીધા છે. ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ સુધી આ ઉમેદવારો ગુપ્ત સ્થળે જ રહેશે તેવી રાજકીય ગલિયારોમાં ચર્ચા છે. આ મામલે કોંગ્રેસના નેતાઓ દ્વારા આડકતરી રીતે આ રણનીતિનું સમર્થન કરવામાં આવ્યું છે. જોકે બીજી બાજુ વોર્ડ નંબર 5 માં કોંગ્રેસ દ્વારા સુરેખાબેન ગોહિલ, જીતેન્દ્ર ઢાલવડીયા, જય વાઘેલા અને જિજ્ઞાસાબેન ચાવડાએ ઉમેદવારી કરી હોવાનો ગણગણાટ શરૂ થયો છે. જોકે સત્તાવાર નામો હજી પાર્ટીએ જાહેર કર્યા નથી.

## કડી નજીક ONGCના 6 તેલના કૂવાઓ પર તોડફોડ:અજાણ્યા શખ્સો સામે ₹1.30 લાખના નુકસાનની ફરિયાદ

મહેસાણા

મેહસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ONGCના તેલના કૂવાઓ પર તોડફોડ અને નુકસાન પહોંચાડવાનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. મેહસાણા ONGCમાં DGM પ્રોડક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા અને મૂળ ગુવાહાટીના વતની 46 વર્ષીય અભિજિત નારાયણદાસ કલિતાએ કડી પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે આ અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ફરિયાદી મેહસાણા ONGC ક્ષેત્ર હેઠળ આવતા તમામ કૂવાઓની દેખરેખ અને સંચાલનની જવાબદારી સંભાળે છે. ગત 13 સપ્ટેમ્બરના રોજ ચાલાસણ ગામની સીમમાં આવેલા NK618 નંબરના તેલના કૂવામાં ખામી સર્જાઈ હોવાની જાણ થતાં મેન્ટેનન્સ ટીમને તપાસ માટે સ્થળ પર મોકલવામાં આવી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ કૂવા પરનું પેનલ બોર્ડ અને તેની અંદરનું વાયરિંગ તોડી પાડવામાં આવ્યું હતું. આ બનાવ બાદ વધુ તપાસ હાથ ધરવામાં આવતા માલૂમ પડ્યું હતું કે, તાજેતરમાં 2 જુલાઈથી લઈને 13 સપ્ટેમ્બર વચ્ચેના સમયગાળા દરમિયાન ચાલાસણ અને સૂરજ ગામની સીમમાં આવેલી ONGCની વિવિધ સાઈટો પર અજાણ્યા શખ્સોએ ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. તસ્કરો અથવા અસામાજિક તત્વોએ વેલ નંબર NK397, NK400, NK362, NK53, NK619 અને NK618 પર લગાવાયેલા નાના-મોટા મશીનો, બેલ્ટ, પેનલ બોર્ડ, પેનલ બોર્ડના દરવાજા, મોટર કુલી તેમજ વાયરિંગ વગેરેને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

## અદાણી શાંતિગ્રામના પ્રોજેક્ટ મેનેજરનો પોર્ટફોલિયો રાતોરાત શૂન્ય: બે કર્મચારીઓ સાથે ઠગાઈ

ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા અદાણી શાંતિગ્રામ સ્થિત અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડના પ્રોજેક્ટ મેનેજર સહિત બે કર્મચારીઓ સાથે ઈન્કમટેક્સ વિભાગની નોટિસના નિવારણ તેમજ ડીમેટ ખાતાના ઓડિટના નામે 70.79 લાખની માતબર છેતરપિંડી આચરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. આરોપી કૃણાલ પટેલે ટેક્નોલોજીનો દુરુપયોગ કરી, વિશ્વાસમાં લઈને મેળવેલા OTP દ્વારા એલ એન્ડ ટી (L&T) કંપનીના 1,029 શેર તેમજ ભારત સરકારના ગોલ્ડ બોન્ડ્સ (SGB) પોતાના ખાતામાં 'ગિફ્ટ' તરીકે ટ્રાન્સફર કરી લીધા હતા. આ સમગ્ર કૌભાંડ મામલે ભોગ બનનારાઓની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મૂળ તમિલનાડુના વતની અને અદાણી શાંતિગ્રામ ઓફિસમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા સત્તનાથન થુરઈપાંડિયનને ગત જૂન મહિનામાં આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી હતી.

## વલસાડની ઔરંગા નદીમાંથી બેફામ રેતી ચોરીનો આક્ષેપ:કૈલાશ રોડ નજીક ગેરકાયદેસર ખનનથી પર્યાવરણને નુકસાન

વલસાડ

વલસાડ શહેરના કૈલાશ રોડ પર આવેલી ઔરંગા નદીમાંથી કેટલાક રેતી માફિયાઓ ગેરકાયદેસર રીતે રેતીનું ખનન અને ચોરી કરી રહ્યા હોવાનો આક્ષેપ છે. આ ઘટના સામે આવતા સ્થાનિકોમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના કહેવા મુજબ, ઔરંગા નદી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે રેતી ઉપાડવામાં આવી રહી છે. નદીના પટમાં ખોદકામ થવાથી પર્યાવરણને નુકસાન થવાની સાથે નદીના કુદરતી પ્રવાહ પર પણ અસર થવાનો ડર છે.

આ રેતી ચોરીને કારણે સરકારને રોયલ્ટીની આવકમાં પણ નુકસાન થઈ શકે છે. સ્થાનિકોએ ખાણ-ખનીજ વિભાગને સ્થળ તપાસ કરીને ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે કે નહીં તેની તપાસ કરવા માંગ કરી છે.

તેમણે જણાવ્યું કે, જો નિયમ વિરુદ્ધ રેતી ઉપાડવામાં આવતી હોય તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે અને રેતી ચોરી રોકવામાં આવે. ખાણ-ખનીજ વિભાગની ટીમ નિયમિત પેટ્રોલિંગ કરે તો આવી પ્રવૃત્તિઓ પર કાબૂ મેળવી શકાય તેમ છે.

### અમદાવાદથી માત્ર 50 કિમી દૂર 'મૃત્યુના કૂવા' બનતાં ગામો

# ભેટાવાડા સહિત પાંચ ગામોના લોકો છેલ્લા 35 દિવસથી નરકભર્યું જીવન જીવવા મજબૂર!

ધોળકા

ગુજરાતનું 'આર્થિક પાટનગર' ગણાતા અમદાવાદથી માત્ર 50 કિમીના અંતરે આવેલું ધોળકા તાલુકાનું ભેટાવાડા ગામ. ગામનું પાટિયું દેખાય એના બે કિમી દૂરથી જ છાતી ચીરી નાખતી અને દમ રૂંધતી ગંધ વાતાવરણમાં ફેલાઈ જાય છે. પહેલી નજરે રસ્તા પર દેખાતી લીલોતરીના આભાસને આ અસહ્ય દુર્ગંધ, ઠેરઠેર વહેતા ગંદા પાણીના પ્રવાહો, ખાબોચિયાં અને મચ્છરોનું સામ્રાજ્ય ક્ષણભરમાં તોડી નાખે છે.

આજે ભેટાવાડા સહિત પાલડી, ત્રાસદ, નેસડા અને આંબારેલી - આ પાંચેય ગામોની હાલત એટલી ભયાનક બની ગઈ છે કે ત્યાં જીવવું એ રોજબરોજની એક અસહ્ય લડાઈ બની ગઈ છે.

ગામના મુખ્ય રસ્તાની બંને બાજુએ કેમિકલયુક્ત ગંદુ પાણી ભરાયેલું છે, જેના પર જાડી લીલ બાઝી ગઈ છે. રસ્તા પર ઓછામાં ઓછી ચાર જગ્યાએ ગંદા પાણીના મોટા વહેણ વહી રહ્યા છે. રસ્તાની બંને બાજુ



આવેલાં કાચાં-પાકાં મકાનો અને ખેતરોમાં ઘૂંટણસમા ગંદાં પાણી ભરાયેલાં છે. વ્યથા ઠાલવતા તેઓ જણાવે છે કે, 'અમે રાત-દિવસ આવી જ નરક જેવી દુર્ગંધ અને ગંદકી વચ્ચે રહેવા મજબૂર છીએ. અમારું કોઈ સાંભળનાર નથી.' પોતાના ઘરમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જવાના કારણે આ પરિવાર પોતાનો તમામ સામાન લઈને મુખ્ય રસ્તા પાસે ઊભેલી એક ખાલી ટ્રકમાં રહેવા મજબૂર બન્યો છે. તેઓ આંસુ સાથે કહે છે, 'ઘણા દિવસથી આ જ સ્થિતિ છે. આ ગંદા પાણીના સંપર્કમાં આવવાથી આખા શરીરે ખંજવાળ ઊઠવા લાગી છે, ચામડી સડી રહી છે. એટલે મજબૂર થઈને આ ટ્રકનો આશરો લેવો પડ્યો છે. અમારી જેમ અનેક પરિવારો કામચલાઉ ગોઠવણ કરીને જીવી રહ્યા છે, તો કેટલાક ગામ છોડીને પલાયન કરી ગયા છે.'

આ ગામોના લોકોનો સીધો અને ગંભીર આક્ષેપ છે કે તેમની આસપાસ ધમધમતા ઔદ્યોગિક એકમો (ઈન્ડસ્ટ્રીઝ) અને સ્થાનિક નગરપાલિકા દ્વારા બેફામપણે છોડાતા કેમિકલયુક્ત ગંદા પાણી તથા સરકારી તંત્રની ઘોર નિષ્ક્રિયતાને કારણે આ બરબાદી સર્જાઈ છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગામના બોરમાંથી પણ હવે ઝેરી અને ગંદુ પાણી બહાર આવી રહ્યું છે, જે પીવાલાયક તો દૂરની વાત છે, વાપરવા લાયક પણ નથી. એક પીડિતિતાએ હૃદયદ્રાવક વાત કરતા કહ્યું, 'અમને પૂરી ખાતરી છે કે મારા દીકરાને જે કૅન્સર થયું છે, તેની પાછળ આ જ જીવલેણ દૂષિત પાણી જવાબદાર છે.' છેલ્લા કેટલાક વર્ષોથી આ ગામોમાં કૅન્સર અને ત્વચા સંબંધી ગંભીર રોગોના કેસોમાં ભયાનક ઉછાળો આવ્યો છે.

બાયો-ડિઝાસ્ટર: પાણી એટલું ખરાબ છે કે તેના કારણે ગામની પરંપરાગત ખેતીની ફળદ્રુપતા પણ નાશ પામી છે અને ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે.

આ અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે આ પાંચેય ગામોના સામાન્ય નાગરિકો અને ખેડૂતો છેલ્લા 35 દિવસથી સતત આંદોલન ચલાવી રહ્યા છે.

ગુરુવારે આ રોષ ચરમસીમાએ પહોંચ્યો હતો. આંદોલનના ભાગરૂપે ગ્રામજનોએ 'ધોળકા બંધ'ની ઉગ્ર હાકલ કરી હતી અને પોતાની ન્યાયી માગણીઓ મનાવવા માટે તાલુકા સેવાસદન સુધી એક વિશાળ રેલી યોજી હતી. આ રેલીમાં હજારોની સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને તંત્ર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા.

### AAPમાંથી વાપસી કરનાર સૂર્યસિંહ ડાભીને વોર્ડ-2માંથી ટિકિટ

## મનપાની ચૂંટણીને લઈ કોંગ્રેસના વધુ 16 ઉમેદવારના નામ જાહેર

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોર પકડી રહ્યો છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા રણનીતિના ભાગરૂપે વધુ 16 ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં અગાઉ જાહેર કરાયેલા 19 ઉમેદવારો સાથે મળીને અત્યાર સુધી 35 બેઠક પર ઉમેદવારોના નામ નક્કી કરી દેવામાં આવ્યા છે. આ યાદીમાં સૌથી મોટું અને ચર્ચાસ્પદ નામ વોર્ડ નંબર 2 માંથી સૂર્યસિંહ ડાભીનું સામે આવ્યું છે, જેમના રાજકીય પ્રવાસ અને પક્ષ પલટાની ચર્ચાઓ હાલ સ્થાનિક રાજકારણમાં



કેન્દ્રસ્થાને છે. જ્યારે વોર્ડ-4 અને 5માં તમામ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. સાથે જ વોર્ડ-6ના બેઠક નંબર ત્રણ પર પછાત વર્ગનો ઉમેદવાર પણ જાહેર કરાયો નથી. જો કે કોંગ્રેસ ડેમેજ કંટ્રોલની સ્થિતિ ટાળવા આ નવ ઉમેદવારોને સીધા જ મેન્ડેન્ટ આપી ફોર્મ ભરી દેવાની સૂચના મળે તો નવાઈ નહીં. વોર્ડ નંબર 2માં સામાન્ય બેઠક પરથી ટિકિટ મેળવનાર સૂર્યસિંહ ડાભી અગાઉ કોંગ્રેસ પક્ષમાં જ જિલ્લા અને શહેર પ્રમુખ જેવા મહત્વના પદો પર સેવા આપી ચુક્યા છે. જો કે સમય જતાં પક્ષે તેમને પદ પરથી હટાવીને સાઈડલાઈન કરી દીધા હતા, જેના કારણે નારાજ થયેલા સૂર્યસિંહે કોંગ્રેસ સાથેનો વર્ષો જૂનો નાતો તોડીને આમ આદમી પાર્ટીનો ખેસ પહેરી લીધો હતો. આપમાં જોડાયા બાદ તેમને પ્રદેશ મંત્રીનું પદ સોંપવામાં આવ્યું હતું, પરંતુ આ પદ તેમને માત્ર એક 'લોલીપોપ' સમાન લાગતા તેઓ આપથી પણ છેડો ફાડીને આખરે ફરીથી પોતાના જૂના પક્ષ કોંગ્રેસના શરણે પરત ફર્યા છે.

કોંગ્રેસ મોવડી મંડળ સાથે થયેલી આંતરિક સમજૂતી અને નક્કી થયા મુજબ જ તેમને અંતે વોર્ડ નંબર 2માંથી મેદાને ઉતારવામાં આવ્યા છે.

## અંબાજીમાં ભાદરવી મહમેળો સંપન્ન : હર્ષ સંઘવીએ પોલીસ વિભાગ સાથે ધજા ચડાવી

અંબાજી

આજે ભાદરવી પૂનમના દિવસે શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા શક્તિ, ભક્તિ અને આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી મહામેળો-2026 પૂર્ણ થયો છે.7 દિવસમાં 43 લાખથી વધુ માઈભક્તોએ જગતજનની અંબાના દર્શન કરી તેમના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ વિભાગ સાથે ધજા ચડાવી હતી. આજે મેળાના સાતમા દિવસે 5 લાખથી વધુની કિંમતનું 36.500 ગ્રામ સોનું માતાજીને અર્પણ કરાયું છે.

સવારથી જ અંબાજીના નિજ મંદિરમાં ભક્તોની ભારે ભીડ ઉમટી છે અને મંદિરથી લઈને સમગ્ર અંબાજીમાં ચારે તરફ ભક્તિમય માહોલ છવાયો છે. પરિસરમાં ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. માથે ગરબો લઈ ભક્તો ઝૂમ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હાથમાં ધજા લઈ અંબાજી પહોંચ્યા હતા. તેમજ પોલીસ વિભાગે ધજા ચડાવી હતી.

ભાદરવી મહામેળાના સાતમા દિવસે કુલ 4,81,922 ભક્તોએ મા અંબાના દર્શન કર્યા હતા. જ્યારે 7 દિવસમાં દર્શન કરનારા ભક્તોની કુલ સંખ્યા 43,05,391 થઈ છે, જે ગત વર્ષ કરતાં વધુ નોંધાઈ છે. મંદિર ટ્રસ્ટે 40 લાખથી વધુ ભક્તો દર્શન કરશે એવી ધારણા બાંધી હતી.

### અમદાવાદમાં મહાઠગાઈ

## રૂપિયા 519 કરોડના બોગસ ડોનેશન કૌભાંડમાં CID ક્રાઈમમાં ગાજી ઉઠી ફરિયાદ!

અમદાવાદ

અમદાવા દ શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારૂં અને દેશભરમાં ખળભળા ટ મચાવી દે તેવું કરોડો રૂપિ યાનું આર્થિક કૌભાંડ સામે આ વ્યું છે. નરોડા રોડ પર માત્ર કાગળ પ ર ચાલતી 'સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી' નામના બોગસ રાજકી ય પક્ષની આડમાં અસંખ્ય લોકો સાથે મળીને રૂપિયા 519 કરોડના નકલી ડોનેશન મેળવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ મા સ્ટ રમાઈન્ડ કૌભાંડ દ્વારા સરકારી તિજોરીને સીધો ચૂનો લગાવી ને રૂપિયા 155 કરોડની જંગી કર ચોરી (Tax Evasion) આચરવા માં આવી હોવાનો પર્દાફાશ થતા હવે સીઆઈડી ક્રાઈમ (CID Crime Ahmedabad) ની ટીમ સક્રિય થઈ ગઈ છે. આયકર ભવનના આસિસ્ટન્ટ ડિરેક્ટર મુક્તેન્દ્રકુમાર શતીશકુમાર દ્વારા નોંધાવવામાં આવેલી સત્તાવાર




ફરિયાદ અનુસાર, આ આખી પાર્ટી માત્ર કાગળ પર રજિસ્ટર્ડ અપ્રમાણિત રાજકીય પક્ષ (RUPP) તરીકે ઊભી કરવામાં આવી હતી. જમીની સ્તરે આ પાર્ટીનું કોઈ વાસ્તવિક અસ્તિત્વ જ નહોતું, પરંતુ તેનો એકમાત્ર હેતુ ટેક્સ ચોરી કરવાનો અને ગેરકાયદેસર કમિશન કમાવવાનો હતો. કૌભાંડની આદત અને પદ્ધતિ જોઈને તપાસકર્તા અધિકારીઓના પણ હોશ ઉડી ગયા છે. દેશભરના મોટા કરદાતાઓ પાસેથી ચેક કે RTGS મારફતે બોગસ ડોનેશન મેળવવામાં આવતું હતું. દાન આપનાર વ્યક્તિઓ પાસેથી 8 થી 9 ટકા જેટલું ભારેખમ કમિશન કાપીને બાકીના કરોડો રૂપિયા તેમને કેશબેક સ્વરૂપે પરત કરી દેવામાં આવતા હતા. કલમ 80GGC હેઠળ ટેક્સમાં ૧૦૦ ટકા મુક્તિ અપાવવાની લાલચ આપીને આખું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હતું. આપવામાં આવેલા સત્તાવાર રેકોર્ડ મુજબ પાર્ટીનું સરનામું દુકાન નં. 2, મહાવીર નગર, કલ્યાણ મિલ સામે, ચેતના હોટલની બાજુમાં, નરોડા રોડ, સૈજપુર બોઘા, અમદાવાદ દર્શાવવામાં આવ્યું હતું.

### એક મહિનાથી ફરિયાદ છતાં તંત્રની આંખ આડા કાન

## દહેગામ મામલતદાર કચેરી પાછળ જ ગંદકી અને ખાડાના સામ્રાજ્યથી અરજદારો પરેશાન

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની મામલતદાર કચેરી ખાતે જ્યાં ખુદ વહીવટી તંત્ર બેઠું છે તે જ મામલતદાર સંકુલના બિલ્ડીંગ પાછળના ભાગે આવેલા પાર્કિંગ પાસે કચરાના મોટા ઢગલા ફેલાયા છે.

આ ગંદકી દૂર કરવા માટે સ્થાનિક કચેરી દ્વારા તેમજ નગરપાલિકામાં પણ અગાઉ લેખિત કે મૌખિક જાણ કરવામાં આવી હોવા છતાં પ્રશ્નોનો કોઈ જ નિકાલ આવ્યો નથી.

કચરો ઉપાડવા માટે એક મહિના અગાઉ કમ્પ્લેન કરવામાં આવી હતી, છતાં આજદિન સુધી સફાઈ કામદારો કે સત્તાધીશો દ્વારા આ તરફ નજર સુદ્ધા કરવામાં આવી નથી.

મામલતદાર ઓફિસ દ્વારા નગરપાલિકામાં જાણ કરાઈ હોવા છતાં કચરાના તેમજ માટીના ઢગલા યથાવત છે અને નજીકમાં જ કરવામાં આવેલા ખાડાઓ પણ પૂરવામાં આવ્યા નથી.

આ બેદરકારીના કારણે દિન-પ્રતિદિન ભયંકર દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી કચેરીમાં આવતા અરજદારો અને કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આ ઉપરાંત, રાત્રિના સમયે આ ખુલ્લા ખાડાઓ અતિ જોખમી સાબિત થઈ રહ્યા છે. જો અંધારામાં કોઈ



વાહનચાલક કે અજાણ્યો અરજદાર આ ખાડામાં પડી જાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે, જેની જવાબદારી કોની રહેશે તેવો ગંભીર પ્રશ્ન લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. એક મહિનાથી સતત ફરિયાદો કરવા છતાં અને નગરપાલિકામાં જાણ કરવા છતાં લગતાવળતા તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે સ્થાનિક નાગરિકો અને અરજદારોની પ્રબળ માંગ છે કે વહેલી તકે આ ગંદકી દૂર કરવામાં આવે અને ખાડાઓ પુરાવીને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

## વાઇબ્રન્ટ નવરાત્રિમાં ફ્રી એન્ટ્રી બંધ, કમાણીનો ધંધો શરૂ:માતાજીની આરાધનાના પૈસા વસૂલશે, બુકમાય શો પર બુકિંગ શરૂ

**ખેલૈયા વિજય રાઠોડે જણાવ્યું હતું કે, GMDCમાં ગરબાનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ સરકાર દ્વારા જ કરવામાં આવી રહ્યું છે, દર વર્ષે સરકાર દ્વારા ખેલૈયાઓને આનંદ માણવા માટે ફ્રીમાં એન્ટ્રી આપવામાં આવતી હતી**

અમદાવાદ

અમદાવાદના સુપ્રસિદ્ધ GMDC ગ્રાઉન્ડ ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત થતો ભવ્ય વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ આ વર્ષે તદ્દન નવા અંદાજમાં જોવા મળશે. અત્યાર સુધી સામાન્ય જનતા માટે આ આયોજનમાં પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેતો હતો, પરંતુ આ વર્ષથી સરકારી આયોજનમાં પણ વ્યવસાયિક રૂપ જોવા મળી રહ્યું છે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આ વખતે પહેલા નોરતા સિવાય બાકીના નોરતામાં મફત પ્રવેશ વ્યવસ્થા સદંતર બંધ કરી દેવામાં આવી છે. ગરબા રમવા કે જોવા આવતા ખેલૈયાઓએ હવે પોકેટ ઢીલું કરીને ઓનલાઈન ટિકિટ કે પાસ ખરીદવા પડશે. GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં પહેલા દિવસે તમામ લોકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિ:શૂલ્ક હશે. જોકે, બીજા નોરતાથી છેલ્લા નોરતા સુધી પ્રવેશ માટે ખેલૈયાઓએ ચાર્જિસ ચૂકવીને બુકમાય શો પરથી પાસ લેવા પડશે. આ નવી ટિકિટિંગ વ્યવસ્થા હેઠળ ગ્રાઉન્ડને બે મુખ્ય કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યું છે. સામાન્ય ખેલૈયાઓ માટેના 'સેલિબ્રેશન ઝોન'માં બીજાથી પાંચમા નોરતા સુધી પ્રતિ વ્યક્તિ 100 રહેશે જ્યારે ગ્રુપના ભાવ 300થી લઈને 600 સુધીના રહેશે અને છઠ્ઠા નોરતાથી નવમા નોરતામાં 'સેલિબ્રેશન ઝોન'માં પ્રતિ વ્યક્તિ 250 રહેશે તો ગ્રુપના ભાવ 750થી લઈને 1500 ભાવ રહેશે. આ સિવાય બીજી કેટેગરી એટલે કે સ્ટેજ નજીક અને વિશેષ સુવિધાઓ ધરાવતા 'પ્રીમિયમ એક્સપિરિયન્સ ઝોન' માટે બીજાથી લઈને પાંચમા નોરતામાં પ્રતિ વ્યક્તિ 200 ચાર્જ રહેશે તો ગ્રુપ બુકિંગમાં 600થી લઈને 1200 સુધીના રહેશે અને છઠ્ઠા નોરતાથી નવમા નોરતામાં પ્રીમિયમ એક્સપિરિયન્સ ઝોનમાં પ્રતિ વ્યક્તિ 500 રહેશે તો ગ્રુપના ભાવ 1500થી લઈને 3,000 સુધીના રહેશે. વર્ષ 2003માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના ભાગરૂપે રાજ્યની લોકસંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા આ મહોત્સવનો પાયો નાખવામાં આવ્યો હતો.

# 21 કરોડનું મશીન અને ચલાવવાનું ભાડું 265 કરોડ, સુરત મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારનો મહાઘોટાળો!!

## સૂત્રો અને પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત મહાનગરપાલિકા દ્વારા ખરીદવામાં આવેલા અથવા ભાડે ફાળવવામાં આવેલા મશીનરી અને સાધનોના વ્યવહારોમાં જે ખેલ પાડવામાં આવ્યો છે, તેણે ભલભલા અર્થશાસ્ત્રીઓને ચિંતામાં મૂકી દીધા છે

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે જાણીતા સુરત શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારો અને લજ્જાજનક કૌભાંડનો મારો સામે આવ્યો છે. જે શહેરની ગરીબ બહેનો અને શ્રમિક પરિવારો પોતાના પરસેવાની મહેનતની મજૂરી કરીને અને પોતાના હકનું એક-એક ટીપું વેરા રૂપે ભરીને સુરતને સ્વચ્છ રાખવામાં ફાળો આપે છે, તે જ સામાન્ય જનતાના પરસેવાની કમાણી પર ભાજપના નેતાઓ અને તેમના મળતિયા કોન્ટ્રાક્ટરો કરોડો રૂપિયાના ધાપલા કરી રહ્યા છે!

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) માં ચાલતો આ ભ્રષ્ટાચાર હવે હદ વટાવી ચૂક્યો છે. જ્યારે કૌભાંડોના આંકડા સામે આવે છે, ત્યારે સામાન્ય જનતાનું માથું શરમથી ઝૂકી જાય છે.

સૂત્રો અને પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત મહાનગરપાલિકા દ્વારા ખરીદવામાં આવેલા અથવા ભાડે ફાળવવામાં આવેલા મશીનરી અને સાધનોના વ્યવહારોમાં જે ખેલ પાડવામાં આવ્યો છે, તેણે ભલભલા અર્થશાસ્ત્રીઓને ચિંતામાં મૂકી દીધા છે: જે મશીનની મૂળ કિંમત કે બજાર કિંમત માંડ ૨૧ કરોડ રૂપિયા આસપાસ છે, તે મશીનને ચલાવવા અને જાળવવા માટે પાલિકા તિજોરીમાંથી વાર્ષિક કે કરાર આધારિત ૨૬૫ કરોડ રૂપિયાનું તોતિંગ ભાડું ચૂકવવામાં આવી રહ્યું છે!

જે મશીનની કિંમત કરતાં ક્યાંય અનેકગણું વધુ ભાડું માત્ર તેને ચલાવવાના નામે ચૂકવાતું હોય, તો આને વહીવટી કુશળતા કહેવી કે ભાજપના મળતિયા કોન્ટ્રાક્ટરોની તિજોરી ભરવાનું મોટું કાવતરું?

સુરતની અસંખ્ય બહેનો કે જેઓ ઘરકામ કરે છે, સિલાઈ કામ કરે છે કે નાની-મોટી મજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે, તેઓ પ્રામાણિકપણે પાલિકાના વેરા ભરે છે. આ બહેનો દ્વારા ભરાતા ટેક્સના એક-એક રૂપિયાનો ઉપયોગ શહેરના વિકાસ માટે થવો જોઈએ, પરંતુ તેના બદલે ભાજપના નેતાઓની સરપરસ્તી હેઠળ ચાલતા કોન્ટ્રાક્ટ રાજમાં આ નાણાં હવામાં ઉડાડવામાં આવી રહ્યા છે. હવે પરિવર્તનનો સમય આવી ગયો છે: ગાંધીનગરથી લઈને સુરત સુધી ગુંજશે જનતાનો અવાજ!

બીજેપીના નેતાઓ દ્વારા એસએમસી (SMC) માં આચરવામાં આવતા આ અનાચાર અને ભ્રષ્ટાચારથી ગુજરાતની જનતા હવે ત્રાસી ગઈ છે અને થાકી ગઈ છે.

# મેટોડા GIDCમાં જ્યોતિ CNCમાં આગથી અફરાતફરી

## ફાયર વિભાગની 3 ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો



રાજકોટ

રાજકોટના લોધિકા મેટોડા GIDC ગેટ નં.2માં પ્રખ્યાત જ્યોતિ CNC કંપનીની ફેક્ટરીમાં આજે સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. આ ઘટના કંપનીના મુખ્ય એસેમ્બલિંગ યુનિટમાં ઘટી હતી. આગ એટલી પ્રચંડ હતી કે, ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા. જો કે 3 ફાયર ફાઈટરની મદદથી આગ બુઝાવી નાખવામાં આવી હતી. જેને લીધે કોઈ દુર્ઘટના ઘટી ન હતી અને આસપાસની ફેક્ટરીઓ પણ સલામત રહી હતી. જ્યોતિ CNC કંપનીના મેઈન યુનિટમાં CNC મશીન બની રહ્યા હતા. ત્યાં શોર્ટ સર્કિટના કારણે આ આગ ભભૂકી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ફેક્ટરીની અંદર મશીનરી અને ઈલેક્ટ્રિકલ વાયરિંગ હોવાથી જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ લાગતાની સાથે જ કંપનીના સિક્યોરિટી સ્ટાફ અને ત્યાં હાજર અન્ય કર્મચારીઓ એલર્ટ થઈ ગયા હતા. કંપનીના સ્ટાફ દ્વારા ફેક્ટરીમાં ઉપલબ્ધ આગને કાબૂમાં કરવાના સાધનો (ફાયર સેફ્ટી ઈક્વિપમેન્ટ) થી શરૂઆતમાં આગ પર કાબૂ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

### VHP-બજરંગ દળની ગરબા આયોજકો માટે 12 મુદ્દાની ગાઈડલાઈન

# 'સલીમ સુરેશ બની હિન્દુ દીકરીઓને ફસાવે છે, પ્રવેશ પર પ્રતિબંધ; બાઉન્સરથી લઈને કેટરર્સ હિન્દુ જ હોવા જોઈએ'

સુરત

નવરાત્રિ મહોત્સવ દરમિયાન ગરબા પંડાલોની પવિત્રતા, સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ સુરત મહાનગર દ્વારા એક વિસ્તૃત ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. સંગઠન દ્વારા ગરબા સ્થળો પર ગેર-હિન્દુઓના પ્રવેશ પર સંપૂર્ણ નિષેધ મૂકવાની સાથે સાથે કાર્યક્રમ સાથે સંકળાયેલા તમામ સ્ટાફ અને કોન્ટ્રાક્ટરો હિન્દુ જ હોવા જોઈએ તેવી સ્પષ્ટ માંગણી કરાઈ છે. જો આયોજકો આ નિયમોમાં સહકાર નહીં આપે તો સખત વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.



VHP અધ્યક્ષ અનિલ રુંગટાએ જણાવ્યું કે, ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ વખતે દરેક વ્યક્તિનું માન્ય ફોટોવાળું ID પ્રૂફ અથવા આયોજક સમિતિ દ્વારા જારી કરાયેલ અધિકૃત પાસ તપાસ્યા બાદ જ પ્રવેશ આપવા જણાવાયું છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને નવરાત્રિના ધાર્મિક સ્વરૂપને ધ્યાનમાં રાખીને ગરબે ઘૂમતા ભાઈ-બહેનો કપાળમાં તિલક લગાવીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તે માટે પ્રેરિત કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

સંગઠને ગરબા આયોજનોમાં કામ કરતી વિવિધ એજન્સીઓ અને સ્ટાફ માટે કડક શરતો મૂકી છે, જેમાં ગેર-હિન્દુઓના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. સ્ટેજ પર પર્ફોર્મ કરતા કલાકારો હિન્દુ હોવા જોઈએ. વીડિયોગ્રાફર અને અન્ય કોન્ટ્રાક્ટરો હિન્દુ હોવા અનિવાર્ય છે. લાઈટ અને સાઉન્ડ સિસ્ટમ સંભાળતા સંચાલકો હિન્દુ હોવા જોઈએ. કેટરિંગ વ્યવસ્થા અને પાર્કિંગ સ્ટાફ હિન્દુ હોવો જોઈએ. સુરક્ષા માટે તહેનાત કરાતા બાઉન્સર્સ પણ હિન્દુ હોવા જોઈએ. બહેન-દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા સંદર્ભે જણાવાયું છે કે ગરબા સ્થળે કોઈપણ પ્રકારની અયોગ્ય ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી, છેડતી કે શંકાસ્પદ હિલચાલ પર કડક નજર રાખવામાં આવે. ગેરરીતિ જણાય તો આયોજકો અને તાત્કાલિક પોલીસને જાણ કરવી.

સંગઠને પોતાના કાર્યકર્તાઓને પણ સ્પષ્ટ તાકીદ કરી છે કે કોઈપણ સંજોગોમાં કાયદો હાથમાં ન લેવો. તમામ વ્યવસ્થાઓ સ્થાનિક કાયદા, પોલીસ પ્રશાસનના નિયમો અને સરકારી ગાઈડલાઈન મુજબ જ સુનિશ્ચિત કરવાની રહેશે.

### વીડિયો વાયરલ થતાં લોકોમાં ફફડાટ

# જામનગરમાં આરોગ્ય સાથે ચેડાં: સીલપેક સોડાની બોટલમાંથી નીકળ્યો જીવંત મકોડો!

જામનગર

ગુજરાતમાં કોલ્ડ ડ્રિંક્સ અને સોડા શોખીનોના સ્વાસ્થ્ય સાથે કેવા સરેઆમ ખેલ ખેલાઈ રહ્યા છે તેનું વધુ એક જીવંત અને ચોંકાવનાર ઉદાહરણ જામનગરમાંથી સામે આવ્યું છે. 'સ્વચ્છતા અને ગુણવત્તા'ના મોટા-મોટા દાવા કરતી ફેક્ટરીઓ અને કંપનીઓની પોલ ખોલતી આ ઘટનામાં, બજારમાંથી ખરીદેલી એકદમ સીલપેક સોડાની બોટલમાંથી જીવતો મકોડો નીકળ્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થતાં ગ્રાહકો અને નાગરિકોમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગર પંથકમાં એક ગ્રાહકે બજારમાંથી ઠંડા પીણાની સોડાની બોટલ ખરીદી હતી. બોટલ ઉપરથી સંપૂર્ણપણે પેક (સીલપેક) હતી, જેથી અંદરની શુદ્ધતા પર કોઈ શંકા નહોતી. પરંતુ જ્યારે બોટલ ખોલવા કે જોવાની કોશિશ કરી ત્યારે ગ્રાહકના હોશ ઉડી ગયા હતા. સીલબંધ બોટલની અંદર સ્પષ્ટપણે એક મકોડો તરતો જોવા મળ્યો હતો.

આ ગંભીર બેદરકારી જોઈને ચોંકી ગયેલા ગ્રાહકે તરત જ આ સમગ્ર નજારાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો અને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ જામનગર બેલ્ટમાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટનાએ ફરી એકવાર ખાદ્ય સુરક્ષા અને સ્થાનિક બોટલિંગ પ્લાન્ટ્સની મિલીભગત સામે ગંભીર સવાલો ખડા કર્યા છે.

સોડા કે કોલ્ડ ડ્રિંક્સ બનાવતી ફેક્ટરીઓમાં ગંદકી વચ્ચે ઉત્પાદન થતું હોવાની આ સૌથી મોટી સાબિતી છે. બોટલિંગ પ્લાન્ટ્સમાં ગુણવત્તા ચકાસવાની કોઈ વ્યવસ્થા ન હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

જો આવા દૂષિત પીણાં બાળકો કે વયોવૃદ્ધો પી જાય, તો ફૂડ પોઈઝનિંગ, પેટના ગંભીર ચેપ અને જીવલેણ બીમારીઓનો શિકાર બની શકે છે.

જામનગરમાં અગાઉ પણ અનેકવાર ખાધ્ય પદાર્થોમાં જીવાતો કે ઈયળો નીકળવાની ઘટનાઓ સામે આવી ચૂકી છે, પરંતુ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ (FDA) અને સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતાના કારણે આવા ભેળસેળિયાઓ અને વેપારીઓના હોંસલા બુલંદ બન્યા છે.

### સુરતમાં ટેમ્પો સાઈડમાં લેવા બાબતે માથાકૂટ

# પાઈપ-દંડાથી મારી-મારીને રોડ વચ્ચે બેને અધમુઆ કરી નાખ્યાં

સુરત

સુરતના પાંડેસરા વિસ્તારની 'તેરે નામ ચોકડી' પાસે એક 25 સપ્ટેમ્બરે ચોંકાવનારી ઘટના સામે આવી. અહીં માલ-સામાન ઉતારવા આવેલા એક ટેમ્પોચાલક અને તેના સાથીદારને જાહેરમાં ઢોર માર મારી અધમુવા કરી દીધા હતાં.



પ્રાપ્ત માહિતી અનુસાર, ટેમ્પોને રસ્તાની સાઈડ પર લેવા બાબતે સ્થાનિક લોકો અને ટેમ્પો ચાલક વચ્ચે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ માથાકૂટે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ત્રણથી ચાર યુવાનો તેમજ બે મહિલાએ ભેગા મળીને ટેમ્પો ચાલક અને તેના સાથી પર લાકડાના ફટકા અને પ્લાસ્ટિકની પાઈપ વડે હિચકારો હુમલો કરી દીધો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, હુમલાખોરો રસ્તા વચ્ચે યુવકોને નિર્દયતાથી લાતો અને મુક્કા મારી રહ્યા છે. મારનો ભોગ બનેલા બે યુવકો રસ્તા પર બેભાન થઈને ઢળી પડ્યા હોવા છતાં એક હુમલાખોર અમાનવીય રીતે પ્લાસ્ટિકની પાઈપથી તેને મારી રહ્યો છે. આજુબાજુ મોટી સંખ્યામાં દુકાનો આવેલી છે અને લોકોનું ટોળું આ સમગ્ર ઘટનાનો તમાશો જોઈ રહ્યું હતું, પરંતુ કોઈએ પણ વચ્ચે પડીને યુવકોને બચાવવાનો કે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવાનો પ્રયાસ કર્યો ન હતો. સોશિયલ મીડિયામાં રસ્તા વચ્ચે જાહેરમાં થઈ રહેલી આ મારામારીના દ્રશ્યો વાઈરલ થતાં જ પાંડેસરા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાતે પહોંચી હતી.

# વડોદરામાં ગણેશ વિસર્જન યાત્રા વખતે મકાનમાં આગ લાગી: ફાયરબ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો

વડોદરા

વડોદરામાં ગણેશ વિસર્જન વચ્ચે યાકુતપુરા વિસ્તારમાં રહેણાંક મકાનમાં અચાનક ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મકાનના ત્રીજા માળે આગ લાગતાં આસપાસના વિસ્તારમાં પણ દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

યાકુતપુરા વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનના ત્રીજા માળે આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આગના કારણે મકાનમાં રહેલા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે નજીકના મકાનમાં રહેતા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી રેસ્ક્યૂ કર્યા હતા.

બીજી તરફ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનામાં મકાનને મોટું નુકસાન થયું હતું. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

### પવિત્ર તીર્થધામ વડતાલ લજવાયું

# 16 વર્ષીય સગીરાની છેડતી કરનાર રાવલીના મલેક રિઝવાન મિયાં ઝડપાયો

ખેડા (વડતાલ)

ગુજરાતના સુપ્રસિદ્ધ અને આસ્થાના કેન્દ્ર સમાન તીર્થધામ વડતાલમાંથી એક અત્યંત શરમજનક અને સંવેદનશીલ ઘટના સામે આવી છે. ધામિક ભૂમિ પર દીકરીઓની સુરક્ષા પર સવાલિયા નિશાન ઊભા કરતી આ ઘટનામાં, રાવલી ગામના એક મવાલીએ હદ વટાવીને 16 વર્ષીય સગીરાની છેડતી કરી હોવાનું બહાર આવ્યું છે. જોકે, પોલીસની ત્વરિત કાર્યવાહીના કારણે આરોપી હવે સળિયા પાછળ પહોંચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડતાલ પંથકમાં રહેતી 16 વર્ષીય સગીરા સાથે રાવલી ગામના રહેવાસી રિઝવાન મિયાં રિયાઝ મિયાં મલેક નામના શખ્સે અશોભનીય હરકતો કરી હતી અને તેની છેડતી કરી હતી. આ ઘટનાને કારણે ભોગ બનનાર સગીરા અને તેનો પરિવાર ભારે આઘાતમાં સરી પડ્યો હતો.

પરંતુ પરિવારે ડરીને બેસી રહેવાને બદલે તાત્કાલિક સાહસ દાખવીને સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડતાલ પોલીસ મથકે પહોંચીને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાની ગંભીરતા સમજીને વડતાલ પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમની ટીમે તરત જ એક્શન મોડમાં આવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી (CCTV) ફૂટેજની બારીકાઈથી ચકાસણી કરી હતી. સીસીટીવી ફૂટેજમાં આરોપીનો ચહેરો સ્પષ્ટ દેખાઈ આવતા પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગણતરીના કલાકમાં જ આરોપી રિઝવાન મિયાં રિયાઝ મિયાં મલેક ની ઓળખ કરી તેને દબોચી લીધો હતો. પોલીસની આ કડકાઈથી ગુનેગારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ કેસ માત્ર સામાન્ય છેડતીનો ન રહેતા સગીરાની વય મર્યાદા (૧૬ વર્ષ) ના કારણે અત્યંત ગંભીર બન્યો છે. પોલીસે આ મામલે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરીને આરોપી વિરુદ્ધ અત્યંત કડક ગણાતી પોક્સો (POCSO Act) અને સંબંધિત ગંભીર કલમો હેઠળ એફઆઈઆર (FIR) નોંધવાની ત્વરિત કાર્યવાહી શરૂ કરી દીધી છે. તીર્થધામ વડતાલ અને ખેડા પંથકમાં આ ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# વાગરામાં હૃદયદ્રાવક ઘટના: 10 વર્ષથી માનસિક બીમારીથી પીડાતા 51 વર્ષીય આધેડે જંતુનાશક દવા પી તળાવમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું!

ભરૂચ/વાગરા

વાગરા તાલુકામાંથી એક અત્યંત કરૂણ અને હ્રદય કંપાવનારી ઘટના સામે આવી છે. લાંબી બીમારીથી કંટાળીને એક આધેડે કાળજું કંપાવે તેવું પગલું ભરીને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વાગરા તાલુકાના બદલપુરા ગામે ૫૧ વર્ષીય નગીનભાઈ પરસોત્તમભાઈ વણકરે જીવન ટૂંકાવ્યું હોવાની દુઃખદ ખબર મળી છે.

મૂળ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કુરલ ગામના રહેવાસી એવા ૫૧ વર્ષીય નગીનભાઈ પરસોત્તમભાઈ વણકર છેલ્લા ૧૦ વર્ષથી ગંભીર માનસિક બીમારીથી પીડાઈ રહ્યા હતા. લાંબી બીમારી અને તેની અસહ્ય પીડાથી કંટાળીને તેઓ વાગરા તાલુકાના બદલપુરા ગામે પહોંચ્યા હતા.

બદલપુરા ગામે આવેલા બુદ્ધેશ્વર મહાદેવ મંદિર પાસેના તળાવ કિનારે જઈને તેમણે પહેલા ઝેરી જંતુનાશક દવા ગટગટાવી હતી અને ત્યારબાદ તળાવના ઊંડા પાણીમાં ઝંપલાવી દીધું હતું. પાણીમાં ડૂબી જવાથી અને ઝેરી દવાની અસરથી તેમનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે અંજલીબેન ખુશવર્ધનભાઈ જીવણભાઈ મારવાડી દ્વારા વાગરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી જ વાગરા પોલીસ તાત્કાલિક દોડી આવી હતી અને લાશને કબજે કરી અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### ગુજરાતના રસોડામાં મોંઘવારીનો ધુમાડો

# 1.28 કરોડ એલપીજી ગ્રાહકો હોવા છતાં વાસ્તવિક સ્થિતિ પર રહસ્યનો પડદો કેમ?

અમદાવાદ

ગુજરાતમાં એક તરફ વિકાસના મોટા-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય જનતા અને ગૃહિણીઓના રસોડામાં મોંઘવારીનો એવો તો ધુમાડો પેસ્યો છે કે ગેસ સિલિન્ડર ખરીદવો હવે લોઢાના ચણા ચાવવા સમાન બની ગયો છે. તાજેતરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી નિશિત વ્યાસ દ્વારા જાહેર કરાયેલી એક અખબારી યાદીમાં ભાજપ સરકાર સામે અત્યંત ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

રાજ્યમાં ૧.૨૮ કરોડથી વધુ ગ્રાહકો હોવા છતાં વાસ્તવિક રિફિલનો ડેટા છુપાવવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરતા કોંગ્રેસે સરકારને ઘેરી છે.

રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ગ્રાહકોની સંખ્યામાં મોટો ઘટાડો



પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC) ના સત્તાવાર આંકડાઓ ટાંકીને નિશિત વ્યાસે ચોંકાવનારી વિગતો બહાર પાડી છે. દેશવ્યાપી ઘટાડો: ૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ દેશમાં આશરે ૩૩.૩૯ કરોડ સક્રિય ઘરેલુ એલપીજી ગ્રાહકો હતા, જે ઘટીને ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં આશરે ૩૨.૭૭૫ કરોડ થઈ ગયા છે. એટલે કે માત્ર પાંચ જ મહિનામાં દેશભરમાં આશરે ૬૨ લાખ સક્રિય ગ્રાહકો ઘટ્યા છે. માત્ર સામાન્ય જ નહીં, પરંતુ કેન્દ્ર સરકારની ડિંડિમ પીટતી 'ઉજ્જવલા યોજના'ના સક્રિય ગ્રાહકોમાં પણ આશરે ૬ લાખનો ઘટાડો નોંધાયો છે.

ગુજરાતમાં ૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ આશરે ૧.૨૮૫ કરોડ સક્રિય ઘરેલુ એલપીજી ગ્રાહકો અને આશરે ૪૪ લાખ ઉજ્જવલા કનેક્શન હતા. પરંતુ સવાલ એ છે કે માત્ર કનેક્શન વહેંચી દેવાથી શું ગરીબોના રસોડા હરિયાળા થઈ ગયા છે? કોંગ્રેસ પક્ષે ભાજપ સરકાર સમક્ષ માંગ કરી છે કે માત્ર 'કનેક્શન આપ્યા'ના આંકડા બતાવવાની બાજી બંધ કરીને સરકાર નીચે મુજબનો જિલ્લા અને તાલુકા-વાર પારદર્શક ડેટા જાહેર કરે.

# છોટાઉદેપુર નેશનલ હાઈવે નંબર 56 પર સુવાલ કોતર બ્રિજ નજીક ત્રિપલ અકસ્માત

છોટાઉદેપુર, ઈમરાન મિર્ઝા

છોટાઉદેપુરથી મધ્યપ્રદેશ તરફ જતા નેશનલ હાઈવે નંબર 56 પર એક ગંભીર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે.



નેશનલ હાઈવે પર આવેલ સુવાલ કોતરના બ્રિજ પર મધ્યપ્રદેશ તરફથી આવતી ટ્રક અને છોટાઉદેપુર તરફથી જતી આઈસર ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે આઈસર અને ટ્રકની વચ્ચે એક કાર આવી જતાં કારનો કૂચડો વળી ગયો હતો અને કારના ભુક્કા બોલી ગયા હતા. ત્રિપલ અકસ્માતની આ ઘટનામાં રાહતની વાત એ રહી કે સદનસીબે કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી નથી.

અકસ્માત સર્જાતા જ આ સપાસના સ્થાનિક લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ધડાકાભેર થયેલા અકસ્માતને કારણે નેશનલ હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ અને રંગપુર પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

પોલીસે રોડ પર અથડાયેલા વાહનોને ખસેડવાની કામગીરી હાથ ધરીને વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. રંગપુર પોલીસે આ ત્રિપલ અકસ્માત સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તંત્રી લેખ...

# મર્દાનગીનો ખોટો અહમ કે હેવાનિયત? સ્ત્રીના સન્માનને કચડતી પૌરુષીય માનસિકતા સામે હવે આરપારની લડાઈ જરૂરી!

ગુજરાત અને દેશભરમાં મહિલાઓની સુરક્ષાને લઈને મોટા-મોટા દાવાઓ થાય છે, પરંતુ સવાલ એ છે કે શું ખરેખર આપણી સામાજિક માનસિકતા બદલાય છે? 'પાક્કો ગુજરાત' ના આ વિશેષ અહેવાલમાં આજે આપણે વાત કરવી છે તે કડવી વાસ્તવિકતાની, જે પુરુષપ્રધાન સમાજમાં વર્ષોથી છુપાયેલી છે અને જેમાંથી જ બળાત્કાર અને ગેંગરેપ જેવા ઘૃણાસ્પદ અપરાધો જન્મ લે છે.

જ્યારે પણ કોઈ નિર્મમ દુષ્કર્મ કે ગેંગરેપની ઘટના બને છે, ત્યારે સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળે છે, થોડા દિવસ મોણમેણું થાય છે અને પછી બધું સામાન્ય થઈ જાય છે. પરંતુ, શું આપણે ક્યારેય એ વિચાર્યું છે કે આ પાપની જડ ક્યાં છે?

## 'મર્દ બન મર્દ' - પુરુષાતનની ખોટી વ્યાખ્યા અને હિંસા

બચપણથી જ છોકરાઓને એવું શીખવવામાં આવે છે કે રડવું નહીં, ગુસ્સો કરવો, તાકાત બતાવવી એટલે જ સાચો મર્દ. 'મર્દ બન, શું આમ બાયલા જેવો વર્તે છે?' - આ વાક્ય નાનપણથી મગજમાં ઠાંસી દેવામાં આવે છે.




સત્તા, સંપત્તિ અને સ્ત્રીના શરીર પર કાબૂ મેળવવો એટલે જ પોતાનું પુરુષાતન સાબિત કરવું - આ માનસિકતા જ સમાજનું સૌથી મોટું કેન્સર છે. જમાનો બદલાયો છે, ડિજિટલ યુગમાં પોર્નોગ્રાફી અને સોશિયલ મીડિયા પર ઉત્તેજનાનું બંધાણ હવે ડ્રગ્સ કરતા પણ વધુ ખતરનાક સાબિત થઈ રહ્યું છે. જે પુરુષ માનસિક કે શારીરિક રીતે સબળ નથી હોતો, તે પોતાની હીનભાવના છુપાવવા માટે માસૂમ બાળકીઓને કે મહિલાઓને પોતાની (કહેવાતી) મર્દાનગીનો શિકાર બનાવે છે.

## વૈશ્વિક સર્વેના ચોંકાવનારા આંકડા: શું પુરુષો ખરેખર બળાત્કારને અપરાધ નથી માનતા?

સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા એશિયા-પેસિફિક દેશોમાં કરવામાં આવેલા સર્વેના તારણો કાળજું કંપાવનારા છે. આ સર્વેમાં સામે આવ્યું કે મોટાભાગના પુરુષો બળાત્કારને ગંભીર અપરાધ માનતા નથી! કેટલાક દેશોમાં તો યુવાનો તેને 'વીકએન્ડ એક્ટિવિટી' કે મિત્રોમાં પોતાની તાકાત બતાવવાનું સાધન માને છે.

જો કોઈ યુવક આ હિંસાત્મક ટોળાશાહી (Mob Mentality) કે ગેંગરેપમાં સામેલ ન થાય, તો તેને 'મર્દ નથી' તેવું હીન લેબલ લગાવી દેવામાં આવે છે. આ જ મોબ મેન્ટાલિટી મહાભારતના સમયથી ચાલી આવી છે, જ્યાં દ્રૌપદીના ચીરહરણ વખતે પણ શૂરવીર કહેવાતા પુરુષો નતમસ્તકે મૂક પ્રેક્ષક બનીને બેઠા હતા.

'છોકરી રાત્રે બહાર કેમ ગઈ હતી?' - પીડિત પર જ દોષનો ટોપલો!

કોઈપણ દુષ્કર્મ થાય એટલે આપણી રૂઢિચુસ્ત માનસિકતા તરત જ સક્રિય થઈ જાય છે:

છોકરીના કપડાં કેવા હતા?
તે રાત્રે બહાર કેમ નીકળી હતી?
તેણે દારૂ પીધો હતો કે ફાસ્ટીંગ વગર રખડતી હતી?

આવા સવાલોનો અંડરટોન (ગર્ભીત અર્થ) હંમેશા એવો જ હોય છે કે સ્ત્રીના વાંકે જ બળાત્કાર થયો છે. કથુઆથી લઈને દેશના અલગ-અલગ ખૂણે બનેલી ઘટનાઓમાં ધર્મ અને જાતિના ટેગ લગાવીને અપરાધીઓને બચાવવાના પ્રયાસો થાય છે, જે આપણી નબળી નૈતિકતાની પરાકાષ્ઠા છે.

હવે મૌન તોડવાનો સમય આવી ગયો છે!

પ્રસિદ્ધ લેખિકા વર્જિનિયા વુલ્ફ સાચું જ કહેતા કે પુરુષ હંમેશાં સ્ત્રીમાં પોતાનું પ્રતિબિંબ જોવા માગતો હોય છે જેથી તેનો અહમ સંતોષાય. એકવીસમી સદીમાં નારીની પ્રગતિ અને આત્મનિર્ભરતા હજી પણ ઘણા પુરુષોના અહમને ઠેસ પહોંચાડે છે.

જ્યાં સુધી આપણે આપણા ઘરોથી જ છોકરાઓને એ નહીં શીખવીએ કે સ્ત્રી એ કોઈ ભોગવવાની વસ્તુ નથી, પરંતુ બરાબરની માનવ છે, ત્યાં સુધી કાયદાઓ કડક થવા છતાં આવા અપરાધો અટકશે નહીં. પૌરુષીય માનસિકતા બદલવા માટે હવે પુરુષોએ ખુદ આગળ આવીને આ ઝેરી પુરુષાર્થ સામે અવાજ ઉઠાવવો પડશે.

જ્યારે સમાજનો પ્રત્યેક પુરુષ કોઈપણ સ્ત્રી સામે ઉઠતી અસન્માનની નજરનો ખુલીને વિરોધ કરશે, ત્યારે જ સાચા અર્થમાં 'પાક્કા ગુજરાત' અને સુરક્ષિત સમાજનું નિર્માણ થશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# "મારી પત્ની કે માતાને કશું નહીં થાય..." - સ્તન કેન્સર સામે પુરુષોની આ લાપરવાહી અને મહિલાઓનું મૌન કેટલું ઘાતક?

અમદાવાદ

ઘરની રસોઈથી લઈને પરિવારના દરેક સભ્યની નાની-મોટી જરૂરિયાતોનું ધ્યાન રાખતી સ્ત્રી જ્યારે ખુદ અંદરથી ઘૂંટાઈ રહી હોય, ત્યારે આપણો પુરુષપ્રધાન સમાજ ક્યાં જોઈ રહ્યો હોય છે? ભારતીય સંસ્કૃતિમાં સહનશીલતા અને સંકોચના અતિરેકને કારણે આજે પણ આપણી માતાઓ, પત્નીઓ, બહેનો અને દીકરીઓ સ્તન કેન્સર (Breast Cancer) જેવી ગંભીર બિમારી વિશે ખુલીને વાત કરવામાં ડરે છે.

પરંતુ હવે મૌન તોડવાનો સમય આવી ગયો છે. કારણ કે આ મૌન કોઈની જિંદગી છીનવી શકે છે! 'પાક્કો ગુજરાત'ના આ ફ્રન્ટ પેજ અહેવાલમાં આજે આપણે વાત કરવી છે તે કડવી વાસ્તવિકતાની, જ્યાં જાગૃતિના અભાવે હજારો મહિલાઓ મોતના મુખમાં ધકેલાઈ રહી છે.

### પરિવારનો આધારસ્તંભ જ જોખમમાં!

માતા, પત્ની, બહેન કે દીકરી – કોઈપણ સ્વરૂપમાં સ્ત્રી એ સમગ્ર પરિવારનો આધારસ્તંભ છે. જો ઘરનો પાયો જ હલી જાય, તો આખો પરિવાર વેરવિખેર થઈ જાય છે. તે છતાં, આપણા સમાજમાં પુરુષોની માનસિકતા એવી બની ગઈ છે કે તેઓ ઘરની મહિલાઓના સ્વાસ્થ્ય, માસિક ધર્મ કે શારીરિક બદલાવો વિશે વાત કરવામાં શરમ અનુભવે છે અથવા તેને નજરઅંદાજ કરે છે.

શું પરિવારના પુરુષોની આ જવાબદારી નથી કે તેઓ પોતાની માતા કે પત્નીના સ્વાસ્થ્ય પ્રત્યે એટલા જ જાગૃત બને જેટલા પોતાના ધંધા કે કારકિર્દી પ્રત્યે બને છે?

કેમ ફેલાઈ રહ્યું છે આ રાક્ષસી રોગ? (મુખ્ય કારણો)

આધુનિક જીવનશૈલી અને બદલાતી ટેવોના કારણે સ્તન કેન્સર હવે યુવતીઓને પણ પોતાની ચપેટમાં લઈ રહ્યું છે. તબીબી અહેવાલો મુજબ આ રોગના મુખ્ય જોખમી પરિબળો આ પ્રમાણે છે:

બદલાતી જીવનશૈલી અને ફાસ્ટ ફૂડ કલ્ચર: કસરતનો અભાવ અને અનિયમિત ખાનપાન.

સ્થૂળતા (Obesity): વજનનું અસામાન્ય રીતે વધવું કેન્સરને આમંત્રણ આપે છે.

શારીરિક નિષ્ક્રિયતા: આખો દિવસ હલનચલન વગર બેસી રહેવાની આદત શરીરની રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે.

જાગૃતિનો અભાવ: નાની-નાની શારીરિક તકલીફોને 'સામાન્ય દુખાવો' માનીને અવગણવાની ઘાતક આદત.

### પ્રારંભિક નિદાનથી 95% કેસમાં જીવી શકાય છે નવું જીવન!

સૌથી મોટી ખુશખબર એ છે કે સ્તન કેન્સર એ અસાધ્ય રોગ નથી. જો આ રોગનું નિદાન પ્રારંભિક તબક્કે (Initial Stage) થઈ જાય, તો 95% કિસ્સાઓમાં મહિલાઓને સંપૂર્ણપણે કેન્સરમુક્ત કરી શકાય છે!

આ માટે જાગૃતિ અને સાવધાની જ સૌથી મોટું હથિયાર છે:

૨૦ વર્ષની ઉંમરથી જ શરૂઆત કરો: દરેક મહિલાએ ૨૦ વર્ષની ઉંમરથી જ નિયમિત રીતે 'માસિક સ્વ-તપાસ' (Breast Self-Examination) કરવાની ટેવ પાડવી જોઈએ.

અસામાન્ય લક્ષણોને હળવાશથી ન લો: જો સ્તનમાં કે તેની આસપાસ કોઈ ગાંઠ જણાય, ત્વચાના રંગ કે આકારમાં ફેરફાર દેખાય, કે કોઈપણ અસામાન્ય લક્ષણ નજરે પડે, તો શરમ કે સંકોચ રાખ્યા વગર તાત્કાલિક તબીબ (ડોક્ટર) નો સંપર્ક કરવો જોઈએ. સહેજ પણ શંકા કે લાપરવાહી જીવલેણ સાબિત થઈ શકે છે.

### 'પાક્કો ગુજરાત' નો સ્પષ્ટ સંદેશ: હવે શરમ છોડો, જાગૃત બનો!

જ્યાં સુધી આપણે ઘરોમાં દીકરીઓ સાથે આ ગંભીર વિષયો પર ખુલીને વાત નહીં કરીએ અને પુરુષો પોતાની જવાબદારી નહીં સમજે, સ્થિતિ નહીં બદલાય. સ્ત્રીનું સ્વાસ્થ્ય એ કોઈ છાનીમાની વાત નથી, પરંતુ પરિવારના અસ્તિત્વનો સવાલ છે.

આવો, આજે જ સંકલ્પ કરીએ કે આપણે આપણા ઘરની મહિલાઓના સ્વાસ્થ્યની રક્ષા કરીશું અને કોઈપણ સંકોચ વગર નિયમિત તપાસ માટે તેમને પ્રેરિત કરીશું. યાદ રાખો, સાવચેતી જ સાચો બચાવ છે!

# જ્યારે 'સમય નથી' એવું કહેતાં કહેતાં જીવન જ હાથમાંથી સરકી જાય છે

આધુનિક જીવનની સૌથી મોટી વિસંગતિ એ છે કે માણસ પાસે દુનિયાને પોતાની મુઠ્ઠીમાં સમાવી લેવાની ટેક્નોલોજી છે, પરંતુ પોતાના માણસો માટે થોડો સમય નથી. પહેલાં લોકો એકબીજાને મળવા માટે સમય કાઢતા હતા; આજે સમય કાઢવા માટે પણ એકબીજાને મળવાનું કારણ શોધવું પડે છે.

"સમય તો સૌ પાસે સરખો છે,
ફરક માત્ર એટલો છે;
કોઈ એને જીવન બનાવે છે,
તો કોઈ જીવનભર સમય શોધે છે."



આપણે ઘણી વાર કહીએ છીએ, "હમણાં થોડું કામ છે, પછી વાત કરીશ." પરંતુ એ 'પછી' ક્યારેક ક્યારેય આવતું નથી. માતા-પિતાની સાથે બે ઘડી બેસવાનું મુલતવી રાખીએ છીએ, મિત્રનો ફોન પછી કરીશ એમ વિચારીને મૂકી દઈએ છીએ, સંતાનની વાત સાંભળવા માટે આવતીકાલ પસંદ કરીએ છીએ અને જીવનસાથી સાથે નિરાંતે વાત કરવા માટે યોગ્ય સમયની રાહ જોઈએ છીએ.

સમસ્યા એ નથી કે આપણને સમય મળતો નથી; સમસ્યા એ છે કે આપણી પ્રાથમિકતાઓ બદલાઈ ગઈ છે. કામ માટે સમય છે, મોબાઈલ માટે સમય છે, સોશિયલ મીડિયા માટે સમય છે, મનોરંજન માટે સમય છે, પરંતુ પોતાના લોકો માટે સમય કાઢવો મુશ્કેલ લાગે છે.

માણસને જીવનમાં પૈસા, સફળતા અને સુવિધાઓની જરૂર છે, પરંતુ માત્ર આ બધાથી જીવન પૂર્ણ થતું નથી. કોઈ સાંજે થાકીને ઘરે પાછા ફરીએ અને કોઈ પ્રેમથી પૂછે, "આજે દિવસ કેવો રહ્યો?" ત્યારે મળતી હૂંફ કોઈ સુવિધાથી ખરીદી શકાતી નથી.

આપણે ભવિષ્ય માટે એટલું બધું ભેગું કરવામાં વ્યસ્ત થઈ જઈએ છીએ કે વર્તમાનમાં જીવવાનું ભૂલી જઈએ છીએ. સંતાનો મોટા થઈ જાય પછી તેમની સાથે બાળપણની જેમ બેસી શકાશે નહીં. માતા-પિતા હંમેશાં આપણી રાહ જોતા રહેશે એવું પણ નથી. મિત્રો જીવનની જુદી દિશામાં આગળ વધી શકે છે. તેથી સંબંધો માટેનો યોગ્ય સમય 'આવતીકાલ' નહીં, પરંતુ આજ છે.

જીવનની સૌથી મોટી કમાણી બેંક ખાતામાં નહીં, પરંતુ હૃદયમાં જમા થતી હોય છે. કોઈના દુઃખમાં હાજર રહેવું, કોઈની ખુશીમાં નિખાલસપણે ખુશ થવું, વડીલોની વાત સાંભળવી, સંતાનોને સમય આપવો અને પોતાના માણસોને પોતાની હાજરીનો અહેસાસ કરાવવો–આ બધું જીવનની એવી સંપત્તિ છે, જે સમય પસાર થયા પછી પણ મૂલ્યવાન રહે છે.

ઘડિયાળ તો સતત ચાલતી રહેશે,
દિવસો પણ પસાર થતા રહેશે;
પણ જે ક્ષણ આજે તમારી પાસે છે,
એ ફરી ક્યારેય પાછી નહીં આવે.

એટલે જીવનને માત્ર વ્યસ્તતાથી નહીં, પરંતુ સંબંધોની ઉષ્માથી પણ માપીએ. ક્યારેક મોબાઈલ બાજુ પર મૂકી દઈએ, કામને થોડી વાર વિરામ આપીએ અને પોતાના માણસોની આંખોમાં આંખો નાખીને વાત કરીએ.

કદાચ એ ક્ષણમાં આપણને સમજાશે કે જેને શોધવા માટે આખી જિંદગી દોડતા હતા, એ સુખ તો આપણા પોતાના માણસોની વચ્ચે જ શાંતિથી બેઠું હતું.

સમય પસાર થતો નથી, આપણે પસાર થઈએ છીએ. તેથી સમય મળવાની રાહ ન જુઓ; જેને પ્રેમ કરો છો, તેના માટે આજે જ થોડો સમય કાઢો.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# નાગાલેન્ડમાં ઝેરી દારૂ પીવાથી બે દિવસમાં 19 લોકોના મોત

## 19 આરોપીની ધરપકડ, રાજ્યમાં 36 વર્ષથી દારૂબંધીનો કાયદો અમલમાં

ગંગટોક

નાગાલેન્ડમાં ઝેરી દારૂ પીવાથી 19 લોકોનાં મોત થયા છે. છેલ્લા બે દિવસમાં મોકોકચુંગ જિલ્લામાં 8 અને તુએનસાંગ જિલ્લામાં 11 લોકોનાં મોત થયાં છે. મોત બાદ પોલીસે અનેક સ્થળોએ દરોડા પાડ્યા. આ કાર્યવાહીમાં 19 લોકોની ધરપકડ કરવામાં આવી અને દારૂની આશરે 3,000 બોટલો જપ્ત કરવામાં આવી. પોલીસે તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવી છે. દારૂના સેમ્પલ ફોરેન્સિક તપાસ માટે ગુવાહાટી મોકલવામાં આવ્યા છે. રાજ્યમાં 1990થી દારૂબંધીનો કાયદો લાગુ છે. મોકોકચુંગ જિલ્લામાં નકલી દારૂ સાથે ધરપકડ કરાયેલ આરોપી. SIT દારૂ વેચનારાઓની તપાસ કરશે પોલીસના જણાવ્યા મુજબ, ઝેરી દારૂ પીધા બાદ મોત થયાની આશંકા છે. ફોરેન્સિક તપાસથી મોતનું સાચું કારણ જાણવા મળશે. SIT મૃત્યુના કેસો ઉપરાંત ઝેરી દારૂ વેચનારાઓ અને સપ્લાય ચેઈનની પણ તપાસ કરશે. આ મામલે કેટલાક સુરાગ મળ્યા છે. પોલીસે લોકોને લેબલ વિનાનો અથવા શંકાસ્પદ દારૂ ન પીવા અને તબિયત બગડે તો તરત સારવાર કરાવવાની અપીલ કરી છે.



# "લોકો પ્રાઈવેટ પાર્ટ્સ પર કૉમેન્ટ કરે છે, અમે જેટલું સહન કરીએ છીએ પુરુષો ન કરી શકે..." - પાકિસ્તાનમાં કામ કરતી મહિલાઓની દયનીય અને ખૌફનાક વાસ્તવિકતા!

અમદાવાદ/લાહોર/ઇસ્લામાબાદ

જ્યાં એક તરફ આધુનિક યુગમાં મહિલાઓ પોતાના કૌશલ્ય અને મહેનતના બળે દેશ અને દુનિયામાં નામ રોશન કરી રહી છે, તો બીજી તરફ પડોશી દેશ પાકિસ્તાનમાંથી મહિલાઓની સુરક્ષા અને તેમના કાર્યસ્થળ (Workplace) પરના અત્યાચારોને લઈને એક અત્યંત હચમચાવનારો અને લજ્જાજનક ખુલાસો સામે આવ્યો છે.

પાકિસ્તાનમાં નોકરી કરતી મહિલાઓ પર થતી માનસિક, શારીરિક અને જાતીય સતામણી અંગે પીડિત મહિલાઓએ જે દર્દ બયાં કર્યું છે, તે કાળજું કંપાવનારું છે. પાકિસ્તાની મહિલાઓનું આ દર્દ દર્શાવે છે કે પુરુષપ્રધાન સમાજ અને પૌરુષીય અહમની હદો કેવી વરવી બની ચૂકી છે!

### "અમે જેટલું સહન કરીએ છીએ, પુરુષો એક દિવસ પણ ન ટકી શકે!"

પાકિસ્તાનમાં સરકારી અને ખાનગી ક્ષેત્રે કામ કરતી મહિલાઓ પર થતા અત્યાચારો અંગે રિપોર્ટ્સ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ડેટા ચોંકાવનારા છે. ત્યાંની મહિલા કર્મચારીઓએ આપવીતી જણાવતા કહ્યું છે કે ઓફિસો, ફેક્ટરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેમને માત્ર કામના દબાણનો જ નહીં, પરંતુ ભારે જાતીય અપમાનનો સામનો કરવો પડે છે.

અશ્લીલ ટિપ્પણીઓ અને પ્રાઈવેટ પાર્ટ્સ પર કૉમેન્ટ્સ: મહિલાઓનો આરોપ છે કે પુરુષ સહકર્મીઓ અને ઉપરી અધિકારીઓ દ્વારા તેમની બોલી, ચાલ-ચલણ અને ખાસ કરીને શરીર અને પ્રાઈવેટ પાર્ટ્સ પર ખુલ્લેઆમ અશોભનીય અને ગંદી કૉમેન્ટ્સ કરવામાં આવે છે.

મજબૂરીનો ફાયદો: પાકિસ્તાનની આર્થિક બદહાલી અને ગરીબીના કારણે મહિલાઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા નોકરી કરવા મજબૂર છે. આ મજબૂરીનો ગેરલાભ ઉઠાવીને શોષણ કરનારા પુરુષો બેફામ બન્યા છે. પીડિત મહિલાઓ કહે છે, 'અમે રોજ જે નરક સહન કરીએ છીએ, જો પુરુષોને તેટલું સહન કરવાનું આવે તો તેઓ એક કલાક પણ નોકરીમાં ટકી ન શકે!'

આંકડા બોલે છે: ૯૩% મહિલાઓ સતામણીનો શિકાર!

પાકિસ્તાનની અદાલતો, માનવાધિકાર સંગઠનો અને રિપોર્ટ્સ અનુસાર:

૯૩% કામકાજી મહિલાઓ: ઈસ્લામાબાદ સ્થિત એક નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન અને માનવાધિકાર અહેવાલો મુજબ, પાકિસ્તાનમાં પ્રાઈવેટ અને પબ્લિક સેક્ટરમાં કામ કરતી આશરે ૯૩ ટકા મહિલાઓ પોતાના કાર્યસ્થળ પર કોઈને કોઈ પ્રકારની હરાસમેન્ટ (સતામણી)નો સામનો કરે છે.

સુપ્રીમ કોર્ટની ગંભીર નોંધ: પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે પણ ખુદ સ્વીકાર્યું છે કે કાર્યસ્થળ પર લિંગ આધારિત ભેદભાવ અને અસન્માનજનક વ્યવહાર ત્યાંની સિસ્ટમમાં સામાન્ય બની ગયો છે.

ઓફિસથી લઈને ફેક્ટરીઓ સુધી ખૌફ: ગારમેન્ટ સેક્ટર, કોર્પોરેટ ઓફિસો, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કામ કરતી મહિલાઓને નોકરી ગુમાવવાની ધમકી આપીને ચૂપ રહેવા દબાણ કરવામાં આવે છે. જો કોઈ મહિલા અવાજ ઉઠાવે, તો તેની સામે ખોટા આક્ષેપો મૂકીને તેને માનસિક રીતે તોડી નાખવામાં આવે છે.

ઘરથી બહાર નીકળવું એટલે અગ્નિપરીક્ષા

પાકિસ્તાની સમાજમાં આજની તારીખમાં પણ રૂઢિચુસ્ત અને ઝેરી પૌરુષીય માનસિકતા હાવી છે. જ્યારે કોઈ મહિલા આર્થિક આત્મનિર્ભરતા માટે ઘરની બહાર પગ મૂકે છે, ત્યારે પુરુષવાદી અહમને ઠેસ પહોંચે છે. પરિણામે, ઓફિસના રસ્તે, પબ્લિક ટ્રાન્સપોર્ટમાં અને ઓફિસના ડેસ્ક પર તેને હીન દેખાડવા માટે દરેક કીમ અજમાવવામાં આવે છે.

કાયદાઓ કાગળ પર ભલે ગમે તેટલા મજબૂત દેખાડવામાં આવે, પરંતુ પાકિસ્તાનની ભ્રષ્ટ વહીવટી પ્રણાલી અને નબળી અમલીકરણ વ્યવસ્થાના કારણે પીડિત મહિલાઓને ન્યાય મળવો લગભગ અસંભવ બની જાય છે.

### 'પાક્કો ગુજરાત' નો અવાજ: સુરક્ષા એ ભીખ નથી, અધિકાર છે!

જ્યાં એક તરફ મહિલાઓની સુરક્ષા અને સન્માન માટે મોટા દાવા થાય છે, ત્યારે પડોશી દેશની આ તસવીર સમગ્ર માનવજાત માટે એક લાલબત્તી સમાન છે. સ્ત્રીઓ પ્રત્યેની હલકી માનસિકતા અને વિકૃત પૌરુષત્વ જ્યાં સુધી સમાજમાંથી નેસ્તનાબૂદ નહીં થાય, ત્યાં સુધી કોઈ પણ દેશ સાચા અર્થમાં પ્રગતિ કરી શકશે નહીં.

મહિલાઓની મહેનત અને તેમના આત્મસન્માન પર કીચડ ઉછાળતી આ હેવાનિયત સામે વૈશ્વિક સ્તરે કડક પગલાં લેવાનો સમય આવી ગયો છે.

# યોગી દિલ્હી પહોંચ્યા, PM મોદીને મળ્યા: નિતિન નવીનને પણ મળશે

નવી દિલ્હી

સીએમ યોગી દિલ્હી પ્રવાસે છે. તેમણે શનિવારે બપોરે સાડા 12 વાગ્યે પીએમ મોદીની તેમના નિવાસસ્થાને મુલાકાત કરી. સીએમએ તેમને ભગવાન ગણેશની મૂર્તિ ભેટમાં આપી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, સીએમએ ઉત્તર પ્રદેશમાં યોજાનારા પીએમના કાર્યક્રમોને લઈને ચર્ચા કરી. સીએમ ઉત્તર પ્રદેશમાં આગામી દિવસોમાં જે પરિયોજનાઓનું પીએમના હસ્તે ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ થવાનો છે, તેની યાદી પણ લઈને પહોંચ્યા હતા. મુલાકાત બાદ સીએમએ X પર લખ્યું- તમારું માર્ગદર્શન નવા ઉત્તર પ્રદેશના નિર્માણ માટે મને નવી ઊર્જા આપે છે. અમૂલ્ય સમય આપવા બદલ તમારો આભાર.



સીએમએ કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સાથે પણ મુલાકાત કરી. તેમને પણ ભગવાન ગણેશની મૂર્તિ ભેટમાં આપી. હવે સીએમ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીન સાથે મુલાકાત કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ રાજ્યસભા અને એમએલસી ચૂંટણીને લઈને ચર્ચા કરી શકે છે. એમએલસી ચૂંટણીની 6 બેઠકો માટે ઉમેદવારો નક્કી કરવાના છે. સંભવિત ઉમેદવારોનાં નામો પર પણ સીએમ ચર્ચા કરી શકે છે. યુપીમાં રાજ્યસભાની 10 બેઠકો પર 16 ઑક્ટોબરે મતદાન થશે. પરિણામ પણ એ જ દિવસે જાહેર થશે. રાજ્યસભાની 10 બેઠકોમાંથી 8 ભાજપ, એક સપા અને એક બસપા પાસે છે. અત્યાર સુધી કોઈ પણ પાર્ટીએ ઉમેદવાર જાહેર કર્યા નથી. જ્યારે MLCની 11 બેઠકોમાંથી 8 ભાજપ અને 3 સપા પાસે છે. સપા તમામ 11 બેઠકો પર ઉમેદવારો જાહેર કરી ચૂકી છે. ભાજપ અને કૉંગ્રેસે 5-5 બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે.



# વડોદરામાં ગરીબોના હક પર બિલ્ડરોની મિજબાની: મધુનગર આવાસ યોજનાના વચનો હવા થઈ ગયા!!

## ઝૂંપડા તોડીને ગીફ્ટમાં આપેલા પ્લોટ પર હવે ખુલશે 'મેકડોનલ્સ'! ક્યાં ગયું અંત્યોદય?

વડોદરા

ગુજરાતમાં 'સૌનો સાથ, સૌનો વિકાસ' અને છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાના મોટા-મોટા દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે તેનું સૌથી મોટું અને જીવંત ઉદાહરણ સાંસ્કૃતિક નગરી વડોદરામાંથી સામે આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકા (VMC) ની નાક નીચે ચાલતા કૌભાંડો અને ભ્રષ્ટાચારની હદ વટાઈ ગઈ છે. વોર્ડ નં. ૧૫ માં ગરીબોના નામે માત્ર ને માત્ર કોન્ટ્રાક્ટરો અને માલામાલ બિલ્ડરોની તિજોરી ભરવાની સરકારી સ્કીમનો પર્દાફાશ થયો છે.



વર્ષ ૨૦૧૬માં ગરીબોના ઝૂંપડા તોડીને શરૂ કરવામાં આવેલી 'મધુનગર આવાસ યોજના' ના પીડિતો આજે પણ ઘરના ફાંફા મારી રહ્યા છે, જ્યારે ગરીબોના હકની કિંમતી જમીન બિલ્ડરોને મફતમાં સોંપી દેવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ ૨૦૧૬માં વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગરીબ પરિવારોને આવાસ આપવાના નામે વોર્ડ-૧૫ વિસ્તારમાં આવેલા ગરીબોના ઝૂંપડાઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. ગરીબોને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે તેમને ત્યાં જ નવા આવાસ બનાવીને આપવામાં આવશે.

દસ વર્ષ વીત્યા છતાં વચન અધૂરું: વર્ષ ૨૦૨૬ ચાલી રહ્યું છે, એક દશકો વીતી ગયો હોવા છતાં આજે પણ તે ગરીબ પરિવારો પોતાના જ હકના મકાનો માટે ધક્કા ખાઈ રહ્યા છે. ગરીબોના ઘર તો બન્યા નહીં, પરંતુ વહીવટી તંત્રની મિલીભગતથી કરોડોનું આખું કૌભાંડ આચરવામાં આવ્યું.

આ કૌભાંડનો સૌથી ઘાતક ભાગ એ છે કે, મધુનગર આવાસ યોજનાના નામે ઝૂંપડા ખાલી કરાવીને જે જગ્યા ખાલી કરાવવામાં આવી હતી, તેની અવેજમાં અથવા તેની આસપાસના કિંમતી વિસ્તારોમાં કરોડો રૂપિયાની જમીનોનો ખેલ પાડવામાં આવ્યો.

ગુરુકુળ ચાર રસ્તા પાસે ગિફ્ટ: પ્રાપ્ત અહેવાલો મુજબ, આ સમગ્ર ગોઠવણના ભાગરૂપે પ્રાઈમ લોકેશન ગણાતા ગુરુકુળ ચાર રસ્તા પર આવેલો કિંમતી પ્લોટ એક મોટા બિલ્ડરને મફત કે પાણીના ભાવે ફાળવી દેવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ ઉઠી રહ્યો છે.

હવે ખૂલી રહ્યું છે મેકડોનલ્સ (McDonald's): ગરીબોના નામે આદરેલા આ ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા તો જુઓ! જે પ્લોટ ગરીબોના પુનર્વસન કે લોકહિત માટે હોવો જોઈએ, ત્યાં હવે ટૂંક સમયમાં જ વૈભવી મલ્ટીનેશનલ બ્રાન્ડ 'મેકડોનલ્સ' (McDonald's) નું આઉટલેટ ખુલી રહ્યું છે.

આ ઘટનાએ રાજકીય અને સામાજિક વર્તુળોમાં સવાલો ઊભા કર્યા છે કે શું આ જ પંડીત દીનદયાળ ઉપાધ્યાયની 'અંત્યોદય' નીતિ છે? શું છેવાડાના માનવીના વિકાસનો અર્થ ગરીબોના ઝૂંપડા તોડીને ત્યાં મોટા બિલ્ડરોને મોલ્સ અને ફાસ્ટ ફૂડ ચેઈન ખોલવા માટે જમીન સોંપી દેવાનો છે?

વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ ગરીબોના નામે કરોડો રૂપિયાનો નફો કોન્ટ્રાક્ટરો અને બિલ્ડરોની ઝોળીમાં રેડી રહ્યા છે, જ્યારે દાયકાઓથી રઝળતા ગરીબો ન્યાયની આશામાં બેઠા છે.

# હાઇવે-64 પર કેમિકલ વેસ્ટનું રહસ્યમય લીકેજ!

## વાહન કસ્ટડીમાં, હવે GPCBના રિપોર્ટ પર સૌની નજર

આમોદ

આમોદ નજીક નેશનલ હાઈવે-64 પર હેઝાર્ડસ વેસ્ટનું પરિવહન કરતી હોવાનું જણાવાતા GJ-16-AW-5979 નંબરના વાહનમાંથી દુર્ગંધયુક્ત પ્રવાહી ઢોળાતા ચકચાર મચી છે. રસ્તા પર ફેલાયેલા પ્રવાહીના કારણે પસાર થતા કેટલાક રાહદારીઓ અને વાહનચાલકોને આંખ-નાકમાં બળતરા જેવી તકલીફ અનુભવાઈ હોવાની માહિતી છે. બનાવની જાણ થતાં આમોદ પોલીસે સ્થળ પર પહોંચી વાહનને કસ્ટડીમાં લઈ કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ GPCBના અધિકારી કે.જી. મિસ્ત્રી પણ સ્થળ પર પહોંચ્યા હતા અને ઢોળાયેલા પ્રવાહીના સેમ્પલ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલ્યા છે. અધિકારીના જણાવ્યા મુજબ લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ



પ્રવાહીનું સાચું સ્વરૂપ અને કાયદેસરની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે. એટલે હાલ આ પ્રવાહી ખરેખર હેઝાર્ડસ કેમિકલ વેસ્ટ હતું કે અન્ય કોઈ પદાર્થ, તેની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. ઘટનાએ હેઝાર્ડસ વેસ્ટના પરિવહનને લઈને અનેક સવાલો ઊભા કર્યા છે. વાહનમાં કયો પદાર્થ હતો, ક્યાંથી લાવવામાં આવ્યો હતો, ક્યાં લઈ જવાતો હતો તથા જરૂરી પરમિટ-દસ્તાવેજો અને મંજૂરીઓ હતી કે નહીં તેની તપાસ હવે મહત્વની બની છે. હાઈવે પર ઢોળાયેલો પ્રવાહી અને વાહનમાં રહેલો પદાર્થ એક જ છે કે નહીં તે પણ GPCBના રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. સ્થાનિકોના જણાવ્યા મુજબ થોડા દિવસ અગાઉ પણ આમોદ ડેપોથી શમા ચોકડી તરફના જાહેર માર્ગ પર કેમિકલ વેસ્ટ લઈ જતા વાહનમાંથી દુર્ગંધયુક્ત પ્રવાહી ઢોળાયું હતું. ટૂંકા ગાળામાં આવી બીજી ઘટના સામે આવતા લોકોમાં રોષ છે અને હેઝાર્ડસ વેસ્ટ વહન કરતા વાહનોની સઘન ચકાસણી, દસ્તાવેજોની તપાસ અને નિયમભંગ જણાય તો કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. હવે લેબોરેટરી રિપોર્ટ જ નક્કી કરશે કે હાઈવે પર ઢોળાયેલું આ દુર્ગંધયુક્ત પ્રવાહી આખરે શું હતું.

# પૂનમ નિમિતે સાળંગપુર શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફૂલોનો દિવ્ય શણગાર અને 'અંડરવોટર થીમ' આધારિત શણગાર કરી ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ ધરાવાયો

બોટાદ, વિપુલ લુહાર

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી પૂનમ નિમિતે તા.26-09-2026ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફૂલોનો દિવ્ય શણગાર એવં 'અંડરવોટર થીમ'(દરિયાઈ સૃષ્ટિ) આધારિત શણગાર કરી ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.



ગર્ભગૃહમાં સિંહાસનને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. સવારે 5:30 કલાકે મંગળા આરતી અને સવારે 7:00 કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.

મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન આરાયું હતું. અનેક ભક્તો દ્વારા દાદાને ધજા ચઢાવાઈ હતી. આ દર્શન અને મહાપ્રસાદનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

### મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ₹1.33 કરોડના વિકાસકાર્યોને મળેલી મંજૂરી

# કપડવંજ તાલુકામાં બે મહત્વપૂર્ણ રસ્તા વિકાસ કામોનું ખાતમુહૂર્ત!!

ઘડિયા, દિપક પરમાર

કપડવંજ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોની માર્ગ સુવિધા વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. સરકારશ્રીની મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત તાલુકામાં બે મહત્વપૂર્ણ રસ્તા વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સહિત સુનિલભાઈ પંચાલ, જીતુભાઈ પટેલ, કિરણ ઝાલા, એલ.એસ. ઝાલા, કલ્પેશભાઈ, રાજુભાઈ બારોટ, ગણપતસિંહ તથા



રૂપલબેન સહિતના આગેવાનો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ યોજના અંતર્ગત નીચે મુજબના રસ્તા વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે: મોટીઝેર હાઈસ્કૂલથી નરસિંહપુર રોડને જોડતો રસ્તો, લંબાઈ: 1.20 કિમી, મંજૂર રકમ: 75 લાખ. મોટીઝેરથી અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના માનપુરને જોડતો રી-સરફેસિંગ રોડ. લંબાઈ: 1.30 કિમી, મંજૂર રકમ: 58 લાખ.

બંને કામો માટે કુલ 1.33 કરોડની મંજૂર રકમથી માર્ગ સુવિધામાં સુધારો કરવામાં આવશે. રસ્તાઓના નિર્માણ તથા રી-સરફેસિંગથી ગ્રામ્ય વિસ્તારોમાં વાહનવ્યવહાર વધુ સુગમ બનવાની સાથે સલામત અવરજવર અને આસપાસના ગામો વચ્ચે કનેક્ટિવિટી વધુ મજબૂત બનવાની અપેક્ષા છે.

સ્થાનિક લોકો માટે આ માર્ગ વિકાસ કામો આવનારા સમયમાં રોજિંદા અવરજવર, શિક્ષણ, વેપાર-ધંધા તથા અન્ય જરૂરી સેવાઓ સુધી પહોંચવામાં ઉપયોગી સાબિત થશે.

# છોટાઉદેપુર વોર્ડ નં.4ની ચૂંટણી લઢવા રજનીબેન રાઠવા મેદાને ઉતર્યા

છોટાઉદેપુર

છોટાઉદેપુર નગર પાલિકા વોર્ડ નં 4 ની ખાલી પડેલી અનુસૂચિત આદિજાતિ બેઠક માટે તા 11-10-2026 ના રોજ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી જાહેર કરવામાં આવી હોય જે અંગે આજરોજ વોર્ડ નં 4 ના રહેવાસી રજનીબેન જયદીપભાઈ રાઠવાએ ભારતીય જનતા પાર્ટી માંથી ઉમેદવારી પત્ર ભર્યું છે અને આ ચર્ચાસ્પદ ચૂંટણી લઢવા મેદાને ઉતર્યા છે. અત્રે ઉલ્લેખનીય છેકે નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ અને અનુ. આદિજાતિ બેઠક પર થી ગઈ ટર્મ માં ચૂંટાયેલા મંજુલાબેન કિશનભાઈ કોલી નો જાતિનો દાખલો જિલ્લા કલેક્ટર એ રદ કરતા તેઓનું પ્રમુખપદ અને સભ્યપદ છીનવાઈ ગયુ હતુ. જે અંગેની આ વોર્ડ નં 4 ની અનુસૂચિત આદિજાતિ બેઠક ખાલી પડતા તેની ચૂંટણી તા 11 સપ્ટેમ્બર ના રોજ જાહેર થઈ છે. જે અંગેની ઉમેદવારી



પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે જે અંતર્ગત આજરોજ ભાજપ માંથી રજનીબેન જયદીપભાઈ રાઠવાએ જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, પૂર્વ રેલ રાજ્ય મંત્રી નારણભાઈ રાઠવા સહિત પાલિકાના ચૂંટાયેલા સભ્યો ની ઉપસ્થિતિ માં ઉમેદવારી પત્ર ભર્યું હતું. છોટાઉદેપુર નું રાજકારણ ગાંધીનગરમાં પણ પ્રખ્યાત હોય જે અંગે હાલ પાલિકામાં સત્તાની ખેંચતાણ માટે અને એકબીજાને નીચું દેખાડવા ખુબજ કાવાદાવા ચાલી રહ્યા છે. ત્યારે સમગ્ર વિષય ભર નગરમાં ખુબજ ચર્ચાસ્પદ બન્યો છે.

### યુવાનોની સમયસૂચકતાથી ટળ્યો મોટો અનિચ્છનીય બનાવ

# ડભોઇના કુકડ ગામે તળાવ કિનારે મળ્યો 10 ફૂટ લાંબો મહાકાય અજગર

ડભોઇ

ડભોઈ તાલુકાના કુકડ ગામે તળાવ કિનારેથી અચાનક ૧૦ ફૂટ લાંબો મહાકાય અજગર નજરે પડતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. વન વિભાગ અને સ્થાનિક યુવાનોની સંયુક્ત કામગીરીથી આ વિશાળ સરિસૃપનું સુરક્ષિત રેસ્ક્યૂ કરવામાં સફળતા મળી છે, જેના કારણે ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, કુકડ ગામના તળાવ કિનારેથી પસાર થઈ રહેલા કેટલાક ગ્રામજનોની નજર અચાનક એક વિશાળ કદના અજગર પર પડી હતી. દિવસના સમયે તળાવ કાંઠે આટલો મોટો અજગર જોઈને લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. આ વાત પળભરમાં વાયુવેગે આખા ગામમાં ફેલાઈ જતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. વસ્તીની નજીક આવેલા આ મહાકાય જીવને જોઈને થોડા સમય માટે સમગ્ર વિસ્તારમાં ભારે ભય અને સન્નાટો છવાઈ ગયો હતો.

આ ગંભીર પરિસ્થિતિમાં પણ ગામના જાગૃત યુવાનોએ ગભરાઈ જવાને બદલે અસાધારણ સાહસ અને સમયસૂચકતા દાખવી હતી. અજગર કોઈને નુકસાન ન પહોંચાડે અથવા ગભરાઈને નજીકની ગાઢ ઝાડીઓમાં છુપાઈ ન જાય, તે માટે યુવાનોએ ભારે સાવચેતીપૂર્વક તેના પર કોથળો નાખીને તેને ઢાંકી દીધો હતો અને સ્થિતિને કાબૂમાં લીધી હતી. યુવાનોની આ સમયસૂચકતાના કારણે કોઈ અનિચ્છનીય બનાવ બનતો અટકી ગયો હતો.

સ્થાનિકો દ્વારા ત્વરિત ધોરણે આ મામલે વન વિભાગને જાણ કરવામાં આવતા જ વન વિભાગની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વનકર્મીઓએ કુશળતા અને ભારે જહેમત બાદ ૧૦ ફૂટ લાંબા આ અજગરનું સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરી તેને પાંજરે પૂર્યો હતો.

# મધુમતી ખાડીના ભારે પ્રવાહમાં 70 વર્ષીય વૃદ્ધ તણાયા, ડૂબી જતાં મોત

ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના પીપદરા ગામના ૭૦ વર્ષીય મહેશભાઈ રમણભાઈ પટેલનું રાજપારડી નજીક મધુમતી ખાડીના પાણીમાં તણાઈ જવાથી ડૂબી જતાં મોત નીપજ્યું હતું. તેઓ વાળ-દાઢી કરાવવા માટે ઘરેથી નીકળ્યા બાદ આ બનાવ બન્યો હતો.

મળતી વિગતો મુજબ મહેશભાઈ પીપદરાથી ભદાલી તરફ જતા કાચા રસ્તે રાજપારડી જઈ રહ્યા હતા. દરમિયાન રાજપારડી નજીક આવેલી મધુમતી ખાડી પસાર કરતી વખતે પાણીના ભારે પ્રવાહમાં અચાનક તણાઈ ગયા હતા. ઊંડા પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત થયું હતું. ઘટનાની જાણ મૃતકના પુત્ર હેમંતભાઈ મહેશભાઈ પટેલે રાજપારડી પોલીસને કરી હતી. જાણ થતાં એએસઆઈ વિનોદભાઈ ચંદુભાઈ તથા તપાસ અધિકારી એ.હે.કો. વિનુભાઈ ભીખાભાઈ સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

રાજપારડી પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ હેઠળ અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સિવિલમાં ટૂંકી સારવાર બાદ મહિલાએ દમ તોડ્યો

# કારખાનામાં માથા પર લિફ્ટ પટકાતાં મહિલા શ્રમિકનું મોત: પરિવારમાં માતમ

અમદાવાદ

અમદાવાદ શહેરના ઔદ્યોગિક વિસ્તાર ઓઢવમાં એક અત્યંત કરુણ અકસ્માત સામે આવ્યો છે. ઓઢવ વિજય એસ્ટેટમાં આવેલા ગજાનંદ સ્ટીલ નામના કારખાનામાં કામ કરી રહેલા 42 વર્ષીય મહિલા શ્રમિકના માથા તેમજ ચહેરાના ભાગે અચાનક લિફ્ટ વાગી જતાં તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ગંભીર દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવ અંગે ઓઢવ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે. બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, ઓઢવ વિસ્તારમાં રહેતા પ્રદિપકુમાર મેકુલાલ પાલ સ્કૂલ વાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પત્ની સીમાદેવી પાલ (ઉં.વ. 42) છેલ્લા ચારેક વર્ષથી ઓઢવ વિજય એસ્ટેટમાં આવેલા 'ગજાનંદ સ્ટીલ' નામના કારખાનામાં શ્રમિક તરીકે કામ કરતા હતા.



શુક્રવારે સવારે તેઓ હંમેશ મુજબ કારખાનામાં પોતાની કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક માથા તથા ચહેરાના ભાગે લિફ્ટ ધડાકાભેર વાગી હતી. લિફ્ટની જોરદાર ટક્કર વાગતાં જ સીમાદેવી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈને સ્થળ પર જ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ઢળી પડ્યા હતા. આ દુર્ઘટના બનતાં જ બાજુના કારખાનામાં કામ કરતા સંબંધીએ તાત્કાલિક તેમના પતિ પ્રદિપકુમારને બનાવની જાણ કરી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સીમાદેવીને પ્રથમ નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. જોકે, તેમની હાલત અત્યંત નાજુક જણાતાં પ્રાથમિક તપાસ બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. બનાવની જાણ થતાં ઓઢવ પોલીસનો કાફલો સિવિલ પહોંચ્યો હતો.

### અંકલેશ્વરમાં પૂર્વ કર્મચારી સામે ચોરીની ફરિયાદ

# પાર્લરની કર્મચારીને નોકરીમાંથી કાઢી, ઘરે તપાસ કરતાં રૂ.1.68 લાખના દાગીના ગાયબ!

અંકલેશ્વર

અંકલેશ્વરના મીરા નગર વિસ્તારમાં આવેલી સુંદરમ રેસિડેન્સીમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. સ્પા સંચાલિકા રઝિયાબાનું સફી અહેમદ અલી અહેમદ શેખના ઘરમાંથી રૂ.1.68 લાખની કિંમતના સોનાના દાગીના સહિતનો મુદ્દામાલ ગાયબ થતાં ચકચાર મચી છે. ફરિયાદીએ પોતાના સ્પામાં કામ કરતી પૂર્વ કર્મચારી મહિમા અર્જુન યાદવ પર ચોરીની શંકા વ્યક્ત કરી અંકલેશ્વર GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

રઝિયાબાનું ગત 11 સપ્ટેમ્બરે દીકરીની સારવાર માટે મુંબઈ ગયા હતા અને ત્રણ દિવસ



ત્યાં રોકાયા હતા. દરમિયાન તેમના પાર્લરમાં કામ કરતી મહિમા યાદવ તેમના ઘરે એક પુરુષને લાવી હોવાની જાણ તેમને થઈ હતી. દીકરીની હાજરીમાં બનેલી આ ઘટનાની જાણ થતાં રઝિયાબાનુંએ મહિમા સહિત અન્ય એક યુવતીને નોકરીમાંથી કાઢી મૂકી હતી.

નોકરીમાંથી છૂટા કર્યા બાદ ઘરે તપાસ કરતાં સોનાના દાગીના સહિતનો મુદ્દામાલ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. અંદાજે રૂ.1.68 લાખના દાગીના ગાયબ હોવાથી રઝિયાબાનુંએ પૂર્વ કર્મચારી મહિમા યાદવ સામે શંકા વ્યક્ત કરી હતી. સમગ્ર મામલે અંકલેશ્વર GIDC પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. ઘરેથી મુદ્દામાલ ક્યારે અને કેવી રીતે ગાયબ થયો, પૂર્વ કર્મચારીની સંડોવણી છે કે નહીં તેમજ અન્ય કોઈ વ્યક્તિની ભૂમિકા છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ ચોરીનો આક્ષેપ પોલીસ તપાસનો વિષય બન્યો છે.

# સીસીટીવી સામે જ ટ્રાન્સફોર્મર તોડી કોપર ચોરી! સુરવાડીમાં સશસ્ત્ર ગેંગનો આતંક, ખેડૂતોમાં ફફડાટ

અંકલેશ્વર

અંકલેશ્વરના સુરવાડી ગામ અને આસપાસની સીમમાં ટ્રાન્સફોર્મર તથા ખેતીના સાધનોમાંથી કોપર ચોરી કરતી ગેંગ ફરી સક્રિય થઈ હોવાના આક્ષેપો સાથે ખેડૂતો અને ગ્રામજનોમાં ભયનો માહોલ છે. એક જ અઠવાડિયામાં બીજી વખત ટ્રાન્સફોર્મર તોડી કોપર ચોરીની ઘટના બનતાં પોલીસ પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. સીસીટીવી કેમેરા હોવાની જાણ હોવા છતાં તસ્કરો કેમેરાની નજર સામે જ ચોરી



કરી ફરાર થયાનો સ્થાનિકોનો દાવો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ ગેંગ ધારદાર હથિયારો અને ભારે લોખંડના સાધનો સાથે ખેતરોમાં પહોંચે છે. અગાઉ ચોરીનો વિરોધ કરનારા ખેડૂતો પર હુમલા થયાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે. ટ્રાન્સફોર્મર તૂટ્યા બાદ નવું ટીસી લગાવવામાં એકથી બે મહિના જેટલો સમય લાગતો હોવાના કારણે સિંચાઈ અટકી જાય છે અને ઊભો પાક સુકાઈ જતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડે છે. માજી સરપંચ જશવંત પટેલે જણાવ્યું હતું કે, "૨૦૧૮માં મારા ઘર આગળ ત્રણ ટીસી લાગેલા હતા ત્યારે ગેંગે મને અને મારા પરિવારને રૂમમાં પૂરી બંધક બનાવ્યા હતા. મને માર મારી લૂંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને હું સાત દિવસ હોસ્પિટલમાં રહ્યો હતો. છેલ્લા ૧૦થી ૧૫ વર્ષથી આ સિલસિલો ચાલે છે અને આજે પણ એ હુમલાની યાદથી ડર લાગે છે."



## 'પુરુષોને કેમ નથી શીખવતા કે શોષણ અને બળજબરી ન કરે': ક્રિતિ સેનન

# 'ક્યાં સુધી પૂછશો કે છોકરીએ શું પહેર્યું હતું': ક્રિતિ પિતૃસત્તાત્મક વિચારસરણી પર ભડકી

મુંબઈ

રક્ષાબંધન સાથે જોડાયેલી એક જાહેરાતમાં પોતાના પહેરવેશને લઈને વિવાદોમાં રહેલી ક્રિતિ સેનને હવે મહિલાઓ વિરુદ્ધ છેડતી, દુષ્કર્મ અને યૌન શોષણના મામલાઓને લઈને પિતૃસત્તાત્મક (પેટ્રીઆર્કલ) વિચારસરણી પર પ્રશ્ન ઉઠાવ્યા છે. તેનું કહેવું છે કે આ લડાઈ પુરુષો અને મહિલાઓ વચ્ચેની નથી, પરંતુ તે મહિલાઓ વિરુદ્ધ પણ છે, જે પિતૃસત્તાને જ સંસ્કાર માને છે.

ક્રિતિ સેનને કોઈ ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા અકાઉન્ટ પરથી લખ્યું, 'આ લડાઈ પુરુષો અને મહિલાઓ વચ્ચેની નથી. આ મહિલાઓ અને પિતૃસત્તાત્મક વિચારસરણી વચ્ચેની લડાઈ છે. એવા પુરુષો વિરુદ્ધ, જે મહિલાઓને ઉતરતી માને છે અને એવી મહિલાઓ વિરુદ્ધ પણ, જે પિતૃસત્તાને જ સંસ્કાર માની બેઠી છે.' ક્રિતિએ આગળ લખ્યું, 'આખરે મહિલાઓને જ પોતાને જાતીય હિંસાથી કેવી રીતે બચાવવી તે કેટલા સમય સુધી શીખવવામાં આવશે? પુરુષોને મહિલાઓ સાથે છેડતી, જાતીય શોષણ અને બળજબરી ન કરવા વિશે કેમ નથી શીખવવામાં આવતું?' 'જ્યારે કોઈ સગીરા સાથે દુષ્કર્મ થાય છે, ત્યારે આવું કરનાર વ્યક્તિની વિચારસરણી કેવી છે, તે પ્રશ્ન કેમ પૂછવામાં આવતો નથી? તેના બદલે આજે પણ લોકો એ જ પૂછે છે કે છોકરીએ શું પહેર્યું હતું, તે ક્યાં હતી, કોની સાથે હતી, બહાર શા માટે ગઈ હતી અને તેના પરિવારે તેને આવું કરવાની પરવાનગી કેમ આપી?' આ ઉપરાંત ક્રિતિએ લખ્યું, 'મહિલાઓને દર વખતે એ સમજાવવાનું બંધ કરો કે તેઓ પોતાની સુરક્ષા માટે વધુ સાવચેત રહે. જરૂર એ છે કે પુરુષોને મહિલાઓ સાથે સન્માનપૂર્વક વર્તવાનું અને પોતાની મર્યાદામાં રહેવાનું શીખવવામાં આવે. છોકરાઓને સંમતિ અને સન્માનનો અર્થ શીખવો. તેમને પોતાના વર્તનની જવાબદારી લેતા શીખવો. જે પુરુષો ખોટું વર્તન કરે છે, તેમની ભૂલનો બોજ મહિલાઓ પર નાખવાનું બંધ કરો.' 'ધુરંધર'ના ગીત 'શરારત'માં નજર આવી ચૂકેલી એક્ટ્રેસ આયેશા ખાને પણ થોડા સમય પહેલાં બિહારના જમુઈમાં યુવતી સાથે થયેલી બર્બરતા અંગે લખ્યું હતું, 'બિહારમાં જે થયું, તે જોઈને મને ખરેખર ઘૃણા થાય છે. વિચારો, જ્યારે લોકો તમને ઘેરીને ઊભા હોય, તમે ડરી ગયેલા હો, અપમાનિત અનુભવી રહ્યા હો અને લોકો તમારી મદદ કરવાને બદલે ઊભા રહીને તમારો વીડિયો બનાવી રહ્યા હોય. તેને નૈતિકતાનું નામ આપવાનું બંધ કરો.

> 'આખરે મહિલાઓને જ પોતાને જાતીય હિંસાથી કેવી રીતે બચાવવી તે કેટલા સમય સુધી શીખવવામાં આવશે?

# શાહરુખની નેટવર્થમાં ₹2,500 કરોડનો ઘટાડો

## ₹10 હજાર કરોડની સંપત્તિ સાથે દેશનો સૌથી અમીર એક્ટર શાહરુખ ખાન



મુંબઈ

'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026'માં શાહરુખ ખાન ફરી એકવાર દેશનો સૌથી અમીર ભારતીય એક્ટર તરીકે ઉભરી આવ્યો છે. 'હુરુન રિપોર્ટ' મુજબ, શાહરુખ ખાનની કુલ સંપત્તિ 10,000 કરોડ રૂપિયા નોંધાઈ છે. આ યાદીમાં 4,000 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે અમિતાભ બચ્ચન બીજા ક્રમે છે. જ્યારે એક્ટર સલમાન ખાને 3,000 કરોડ રૂપિયાની નેટવર્થ સાથે પહેલીવાર આ યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આ ઉપરાંત, હૃતિક રોશન પણ 2,500 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે દેશના સૌથી અમીર એક્ટરોની યાદીમાં યથાવત્ છે. શાહરુખ ખાનની કુલ 10,000 કરોડ રૂપિયાની સંપત્તિમાં તેમની પ્રોડક્શન કંપની 'રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ' અને આઈપીએલ ટીમ 'નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સ'નો મોટો ફાળો છે. જોકે, ગયા વર્ષની સરખામણીએ તેમની સંપત્તિમાં થોડો ઘટાડો થયો છે. 'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2025'માં શાહરુખની નેટવર્થ 12,490 કરોડ રૂપિયા નોંધાઈ હતી. જ્યારે આ વર્ષની શરૂઆતમાં જાહેર થયેલી 'હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ'માં તેમની કુલ સંપત્તિ 10,800 કરોડ રૂપિયા જણાવાઈ હતી. કોઈ બિઝનેસ વિના અમિતાભ બચ્ચનની સંપત્તિમાં ઉછાળો રિચ લિસ્ટમાં બીજા ક્રમે રહેલા અમિતાભ બચ્ચનની નેટવર્થમાં ગયા વર્ષની સરખામણીએ મોટો સુધારો જોવા મળ્યો છે. રિપોર્ટ અનુસાર, અમિતાભની સંપત્તિ ગયા વર્ષના 1,630 કરોડ રૂપિયાથી વધીને આ વર્ષે 4,000 કરોડ રૂપિયા થઈ ગઈ છે. શાહરુખ ખાનની જેમ અમિતાભ બચ્ચન સીધા કોઈ મોટો બિઝનેસ ચલાવતા નથી. તેઓ પોતાની ફેમિલી ઑફિસ મારફતે ઘણી મોટી કંપનીઓ અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે રોકાણ કરે છે.

# સાંસદ મનોજ તિવારીની દીકરીએ 'બિગ બોસ'નું ઘર માથે લીધું

## ઉદ્ધત વર્તન વધતાં સલમાન ખાન ભડક્યો- 'કોઈનું અપમાન કરવાની પણ એક મર્યાદા હોવી જોઈએ'

મુંબઈ

સલમાન ખાને ભાજપ સાંસદ મનોજ તિવારીની દીકરી રીતિ તિવારીને તેના ઉદ્ધત વર્તન અને 'બિગ બોસ 20'ના સ્પર્ધકો ઉદિતિ સિંહ અને રાઝી તૌકીર વિરુદ્ધ કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓને લઈને ઠપકો આપ્યો. 'બિગ બોસ 20'ના આ અઠવાડિયાના 'વીકએન્ડ કા વાર'માં સલમાને રીતિને પૂછ્યું કે, તે પોતાની વાતો પર ગર્વ શા માટે કરી રહી છે અને કહ્યું કે કોઈનું અપમાન કરવાની પણ એક મર્યાદા હોવી જોઈએ. હકીકતમાં, તાજેતરમાં એક ડિસ (અનાદર) બેટલ દરમિયાન રીતિ તિવારીએ ઉદિતિ સિંહ અને રાઝી તૌકીરને લઈને ટિપ્પણી કરી હતી. ટાસ્ક પૂરો થયા બાદ પણ રીતિ પોતાના નિવેદન પર અડગ રહી. તેણે કહ્યું કે, તેને પોતાના કરેલા પર ગર્વ છે અને તેને વિશ્વાસ છે કે તેના પિતાને પણ તેના પર ગર્વ થશે. આવનારા 'વીકેન્ડ કા વાર'ના પ્રોમોમાં સલમાન ખાન રીતિના વર્તન પર પ્રશ્ન કરતો જોવા મળશે. સલમાને કહ્યું કે, રીતિ કાઝીથી ઈર્ષ્યા કરે છે અને અસુરક્ષિત અનુભવે છે. આ અંગે રીતિએ કહ્યું કે, તે કાઝીથી ઈર્ષ્યા કરતી નથી, પરંતુ એક વ્યક્તિ તરીકે તેને પસંદ કરતી નથી. ત્યારબાદ સલમાને ટાસ્ક દરમિયાન ઉદિતિ અને કાઝી વિરુદ્ધ રીતિએ કરેલી ટિપ્પણીઓ વિશે વાત કરી. તેણે કહ્યું, 'ડિસને (અનાદરને) ભૂલી જાઓ, મને સમજાતું નથી કે તમને આ અંગે ગર્વ શા માટે છે? પરંતુ મને લાગે છે કે આ અત્યાર સુધીનો સૌથી ખરાબ ડિસ (અનાદર) હતો. કોઈનું અપમાન કરવાની પણ એક મર્યાદા હોવી જોઈએ.' રીતિએ સફાઈ આપતાં કહ્યું કે ડિસ દરમિયાન તેણે જે કહ્યું હતું, તે કહેવાનો તેનો ઈરાદો નહોતો. આ અંગે સલમાને પ્રશ્ન કર્યો કે જો તેને પોતાની વાતનો અર્થ જ ખબર નહોતી, તો તેણે આવી ટિપ્પણી શા માટે કરી? સલમાને ઘરના અન્ય સભ્યોને પણ પૂછ્યું કે જ્યારે રીતિ સતત આવી વાતો કરી રહી હતી, ત્યારે કોઈએ તેને રોકવાનો પ્રયાસ કેમ ન કર્યો. તેણે કહ્યું, 'શું તમને એવું ન લાગ્યું કે પોતાની વાતોથી તે અપમાનની હદ પાર કરી રહી હતી? આ લોકો તમને ઉશ્કેરી રહ્યા હતા અને તે ઉશ્કેરાઈ રહી હતી.' સલમાને આસિફને પણ આ મામલે પ્રશ્ન કર્યો. જ્યારે રીતિ ઉદિતિ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી રહી હતી, ત્યારે આસિફે તેનું સમર્થન કર્યું હતું.






# 'લવ એન્ડ વૉર'માંથી વિકી કૌશલનો ફર્સ્ટ લુક રિવીલ

## પોસ્ટરમાં વિકી ઈન્ટેન્સ અંદાજમાં નજરે પડી રહ્યો છે. તેના ચહેરા પર ઈજાનું નિશાન છે

મુંબઈ

ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ બાદ શનિવારે વિકી કૌશલનો પહેલો લુક સામે આવ્યો છે. પોસ્ટરમાં વિકી ઈન્ટેન્સ અંદાજમાં નજરે પડી રહ્યો છે. તેના ચહેરા પર ઈજાનું નિશાન છે. આંખોમાં ગુસ્સો અને ગંભીરતા દર્શાવતું એક્સપ્રેશન જોવા મળી રહ્યું છે.

તેના મોઢામાં સિગારેટ છે અને હાથમાં લાઈટરથી તેને સળગાવતો જોવા મળી રહ્યો છે. પોસ્ટરમાં તેની આસપાસ ધુમાડાનું વાતાવરણ છે. બેકગ્રાઉન્ડને ડાર્ક ગ્રીન ટોનમાં રાખવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર મેકર્સે વિકીના ફર્સ્ટ લુક પોસ્ટરને શેર કરતાં કેપ્શનમાં લખ્યું છે- 'નજરો મળશે, પરંતુ હટશે નહીં.' સોશિયલ મીડિયા પર મેકર્સે વિકીના ફર્સ્ટ લુક પોસ્ટરને શેર કરતાં કેપ્શનમાં લખ્યું છે- 'નજરો મળશે, પરંતુ હટશે નહીં.' ફિલ્મમાં રણબીર-આલિયા પણ મુખ્ય ભૂમિકામાં શુક્રવારે ફિલ્મમાંથી આલિયા ભટ્ટનો પહેલો લુક સામે આવ્યો હતો. આ ફિલ્મમાં આલિયા ગ્લેમરસ રેટ્રો અને વિન્ટેજ અવતારમાં જોવા મળી રહી છે. સંજય લીલા ભણસાલીએ પોતે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'X' (અગાઉ ટ્વિટર) પર આલિયાના આ લુકની પ્રથમ તસવીર શેર કરી છે. ઓલ્ડ-સ્કૂલ ફેશન, સ્પાર્કલિંગ ડિટેલ્સ અને ક્લાસિક સ્ટાઈલિંગ સાથે આલિયાનો આ લુક ખૂબ જ ચર્ચામાં છે. આ મોટા બજેટની ફિલ્મમાં આલિયા સાથે રણબીર કપૂર અને વિક્કી કૌશલ પણ મુખ્ય ભૂમિકામાં છે. સામે આવેલી પહેલી તસવીરમાં આલિયા ભટ્ટ 60 અને 70ના દાયકાની રેટ્રો ફેશનમાં જોવા મળી રહી છે. તેના આઉટફિટમાં બ્લિંગ અને વિન્ટેજ સ્ટાઈલિંગનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ફિલ્મ 'લવ એન્ડ વૉર'માંથી રણબીર કપૂરનો પહેલો લુક ગુરુવારે સામે આવ્યો હતો. પોસ્ટરમાં રણબીરનો ઈન્ટેન્સ અને રૉ અંદાજ જોવા મળી રહ્યો છે.

# ધ્વનિ ભાનુશાળી અને કિંજલ દવેની 'ફુંદડી' સાથે 'ફીલ્સ'માં છવાયો નવરાત્રીનો રંગ

મુંબઈ

નવરાત્રીના તહેવારની શરૂઆત પહેલાં જ ધ્વનિ ભાનુશાળી 'FEELS'ના બીજા ગીત 'ફુંદડી' સાથે ગરબાની ધૂમ મચાવવા માટે તૈયાર છે. ગુજરાતી સંગીતની લોકપ્રિય ગાયિકા કિંજલ દવે સાથે ધ્વનિનું આ પહેલું સહયોગ છે. આ ગીત પરંપરાગત ગરબાની ઊર્જાને એક નવા અને આધુનિક સંગીત સાથે રજૂ કરે છે, જે આ તહેવારની ગરબા નાઈટ્સ માટે એકદમ પરફેક્ટ છે. 'FEELS'ની શરૂઆત 'પાપા હીરો તુમ મેરે' જેવા ઈમોશનલ ગીતથી કર્યા બાદ, જેમાં પિતા-પુત્રીના સુંદર સંબંધની ઉજવણી કરવામાં આવી હતી, ધ્વનિ હવે 'ફુંદડી' સાથે એકદમ અલગ અંદાજમાં જોવા મળે છે. આ ગીત દ્વારા તે પોતાના ગુજરાતી મૂળ અને તે સંસ્કૃતિ સાથે જોડાય છે, જે તેના ઉછેરનો એક મહત્વપૂર્ણ હિસ્સો રહી છે. ઈન્ફેક્શિયસ ગરબા બીટ્સથી લઈને ધ્વનિ અને કિંજલના જોશીલા અવાજ સુધી, 'ફુંદડી' એવું ગીત છે જે તમને ચણિયાચોળી પહેરીને, હાથમાં દાંડિયા લઈને સીધા ગરબાના ગ્રાઉન્ડ પર પહોંચવા માટે મજબૂર કરી દે. પરંપરાગત ગુજરાતી સંગીતના સ્વાદ સાથે કન્ટેમ્પરરી પોપ ટચ અને મજેદાર અંગ્રેજી લિરિક્સનો સુંદર મિશ્રણ ગીતને યંગ અને ફ્રેશ એનર્જી આપે છે, જ્યારે તેનો ગુજરાતી તહેવારી આત્મા જળવાઈ રહે છે. 'ફુંદડી'ને ધ્વનિ ભાનુશાળી અને કિંજલ દવેએ પોતાનો અવાજ આપ્યો છે. ગીતનું સંગીત ગૌરવ દગાંવકરે આપ્યું છે, જ્યારે ગીતના શબ્દો દર્શિત નાયક અને કુનવર જૂનેજાએ લખ્યા છે. નવરાત્રીની ઉજવણી નજીક આવી રહી છે ત્યારે 'ફુંદડી' આ સિઝનની ગરબા પ્લેલિસ્ટમાં પોતાની ખાસ જગ્યા બનાવવા અને ગરબાના ફ્લોર પર વારંવાર વાગવા માટે તૈયાર છે.



## એશિયન ગેમ્સમાં વુમન્સ અને મેન્સ બંને ટીમ ચેમ્પિયન; તજિંદરપાલને શોટપુટમાં સિલ્વર મળ્યો

# ભારતે એક જ દિવસમાં કબડ્ડીમાં બે ગોલ્ડ જીત્યા

મુંબઈ

ભારતે શનિવારે એશિયન ગેમ્સમાં કબડ્ડીના બંને ગોલ્ડ જીતી લીધા. મહિલા ટીમે ઈરાનને 37-34 અને મેન્સ ટીમે પણ ઈરાનને 40-34થી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યો. મેન્સ ટીમે સતત 10મી વખત અને મહિલા ટીમે સતત પાંચમા એશિયાડમાં મેડલ જીત્યો. એથ્લેટિક્સમાં તજિંદરપાલ સિંહ તૂરે શોટપુટમાં 20.64 મીટરના થ્રો સાથે સિલ્વર જીત્યો. પ્રાચી ચૌધરીએ 400 મીટરમાં 53.21 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ પોતાના નામે કર્યો. ભારતને મેરેથોન અને શૂટિંગમાં પણ સિલ્વર મળ્યા. સ્ક્વોશમાં અનાહત સિંહ અને અભય સિંહ ફાઈનલમાં પહોંચ્યા. મેન્સ હોકી ટીમે સેમિફાઈનલમાં જગ્યા બનાવી. ઈરાને પ્રથમ હાફના



અંતમાં સરસાઈ મેળવી લીધી હતી અને બ્રેક સુધી સ્કોર તેના પક્ષમાં 18-17 હતો. બીજા હાફની શરૂઆતમાં પણ ઈરાને દબાણ જાળવી રાખ્યું, પરંતુ ભારતે ધીમે-ધીમે મેચનું વલણ બદલી નાખ્યું. સુમિતે ડિફેન્સમાં સતત મહત્વના ટેકલ કર્યા, જ્યારે અર્જુન દેશવાલે રેડિંગમાં પોઈન્ટ્સ મેળવ્યા. ભારતે 21-21ની સરસાઈ બાદ લીડ મેળવવાનું શરૂ કર્યું. અંતમાં ભારતે 40-34થી જીત નોંધાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો. મહિલા કબડ્ડી ટીમે ઈરાનને 37-34થી હરાવીને ગોલ્ડ જીત્યો હતો. ભારતે મુકાબલામાં ઘણા પ્રસંગોએ સરસાઈ મેળવી, પરંતુ ઈરાને વાપસી કરવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. અંતિમ મિનિટોમાં ભારતીય ડિફેન્સે લીડ જાળવી રાખી અને મેચ 37-34થી પોતાના નામે કરી. ભારત માટે સ્ક્વોશમાં પણ ઐતિહાસિક દિવસ રહ્યો. 18 વર્ષની અનાહત સિંહ અને અભય સિંહે સિંગલ્સના ફાઈનલમાં જગ્યા બનાવી. એશિયન ગેમ્સમાં પહેલીવાર ભારતના બે ખેલાડીઓ મેન્સ અને વુમન્સ સિંગલ્સની ફાઈનલ સુધી પહોંચ્યા છે.

## ચેસ ઓલિમ્પિયાડ: ભારતના ટોચ પર પહોંચવાની તક ચૂકી

મુંબઈ

સમરકંદમાં ચાલી રહેલા 46મા FIDE ચેસ ઓલિમ્પિયાડના આઠમા રાઉન્ડમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની મેન્સ અને વુમન્સ ટીમને ડ્રોથી સંતોષ માનવો પડ્યો.

મેન્સ કેટેગરીમાં ભારતને અઝરબૈજાને 2-2થી રોક્યું. વુમન્સ કેટેગરીમાં પણ કઝાકિસ્તાન સામેનો મુકાબલો 2-2થી બરાબરી પર રહ્યો. ભારતની મેન્સ ટીમ પાસે ટોચ પર પહોંચવાની તક હતી, પરંતુ ડ્રોના કારણે આ તક હાથમાંથી નીકળી ગઈ. બીજી તરફ, વુમન્સમાં કઝાકિસ્તાન સામે ડ્રો બાદ ભારતીય ટીમ બીજા સ્થાને સરકી ગઈ છે, જ્યારે ચીનની ટીમ ટોચ પર પહોંચી ગઈ છે. અઝરબૈજાન સામે ભારતના આર. પ્રજ્ઞાનંદ, અર્જુન એરીગૈસી, ડી. ગુકેશ અને વિદિત ગુજરાથીએ ચારેય પોતાની બાજીઓ ડ્રો રમી.

ગુકેશે ત્રીજા બોર્ડ પર સફેદ મોહરાઓથી મર્દાલી મહમ્મદ સામે સારી સ્થિતિ બનાવી હતી. જોકે, અઝરબૈજાનના ખેલાડીએ સચોટ બચાવ કર્યો અને 56 ચાલ બાદ બાજી ડ્રો રહી. આર. પ્રજ્ઞાનંદને અનુભવી શાખરિયાર મામેદ્યારોએ ડ્રો પર રોક્યો. અર્જુન એરીગૈસી અને આયદિન સુલેમાનલી વચ્ચેની બાજી પણ બરાબરી પર રહી. વિદિત ગુજરાથી રઉફ મામેદોવ સામે ડ્રો રમ્યો. જર્મનીએ ઉઝબેકિસ્તાનને હરાવીને ટોચની રેસ રસપ્રદ બનાવી જર્મનીએ દિવસનો મોટો ઉલટફેર કરતાં ટેબલ ટોપર ઉઝબેકિસ્તાનને 2.5-1.5થી હરાવી દીધું. ફ્રેડરિક સ્વાને અને રાસમસ સ્વાનેએ જર્મનીને જીત અપાવી.

### મેન્સ ટીમ બીજા સ્થાને; ગુકેશે ડોન્ચેન્કોને હરાવ્યો

## ચેસ ઓલિમ્પિયાડ- ભારતે જર્મનીને 2.5-1.5થી હરાવ્યું

નવી દિલ્હી

46મી FIDE ચેસ ઓલિમ્પિયાડના નવમા રાઉન્ડમાં ભારતીય મેન્સ ટીમે જર્મનીને 2.5-1.5થી હરાવ્યું. ભારત માટે ડી. ગુકેશે અલેક્ઝાન્ડર ડોનચેન્કોને હરાવીને મહત્વપૂર્ણ જીત અપાવી. આ પરિણામ બાદ ભારત 15 મેચ-પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને પહોંચી ગયું. યજમાન ઉઝબેકિસ્તાન 16 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને છે. ગુકેશે મુશ્કેલ સ્થિતિમાંથી જીત અપાવી. જર્મની સામેની મુકાબલામાં એક સમયે ભારતીય ટીમ મુશ્કેલ સ્થિતિમાં હતી. નિહાલ સરીનની બાજી



ડ્રો થઈ ચૂકી હતી, જ્યારે આર. પ્રજ્ઞાનંદ અને અર્જુન એરીગૈસીની બાજીઓ પણ બરાબરી પર હતી. ગુકેશની સ્થિતિ ખરાબ હતી. આમ છતાં ગુકેશે રમત ચાલુ રાખી અને ડોનચેન્કોની ભૂલનો ફાયદો ઉઠાવ્યો. તેણે શાનદાર ચાલ ચાલીને બાજીની દિશા બદલી નાખી અને થોડી જ ચાલોમાં જીત નોંધાવી. આ જીત સાથે ભારતે મેચ 2.5-1.5થી પોતાના નામે કરી. ઉઝબેકિસ્તાને અમેરિકાને હરાવ્યું. યજમાન ઉઝબેકિસ્તાને નવમા રાઉન્ડમાં અમેરિકાને હરાવ્યું. નોદિરબેક યાકુબોવે હન્સ નીમન સામે જીત નોંધાવી. ઉઝબેકિસ્તાન 16 મેચ-પોઈન્ટ્સ સાથે ટોચ પર છે. ભારત ઉપરાંત ઉઝબેકિસ્તાનની બીજી ટીમ અને આર્મેનિયાના પણ 15-15 પોઈન્ટ્સ છે. વુમન્સ ટીમે ઉઝબેકિસ્તાનને 3-1થી હરાવ્યું. ભારતીય વુમન્સ ટીમે નવમા રાઉન્ડમાં ઉઝબેકિસ્તાનને 3-1થી હરાવ્યું. આ જીત બાદ ભારતના 15 મેચ-પોઈન્ટ્સ થઈ ગયા.

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ પહેલાં શુભમન ગિલ ઈજાગ્રસ્ત

### તિરુવનંતપુરમમાં વેસ્ટઈન્ડિઝ સામેની પ્રથમ વનડે પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો

મુંબઈ

તિરુવનંતપુરમમાં વેસ્ટઈન્ડિઝ સામેની પ્રથમ વનડે પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો હતો. પ્રેક્ટિસ સેશન દરમિયાન મોહમ્મદ સિરાજના ઉછળતા બોલથી કેપ્ટન શુભમન ગિલ જમણી કોણીએ ઈજાગ્રસ્ત થયો હતો.

20 મિનિટની સારવાર બાદ ગિલે ફરી નેટ્સમાં વાપસી કરી હતી, જે રાહતની વાત છે. રોહિત-વિરાટે પણ આક્રમક બેટિંગ પ્રેક્ટિસ કરી હતી. તિરુવનંતપુરમ ખાતે વેસ્ટઈન્ડિઝ સામે શરૂ થઈ રહેલી 3 મેચોની વનડે શ્રેણીની પ્રથમ મેચના બરાબર 48 કલાક પહેલાં ભારતીય ટીમમાંથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ



સ્ટેડિયમમાં પ્રેક્ટિસ સેશન દરમિયાન ભારતીય કેપ્ટન શુભમન ગિલ ઝડપી બોલર મોહમ્મદ સિરાજના એક ઉછળતા બોલ પર ઈજાગ્રસ્ત થયો હતો. સિરાજનો ઝડપી બોલ સીધો ગિલની જમણી કોણી પર વાગતાં તે દર્દથી કણસી ઊઠ્યો હતો અને તેને તાત્કાલિક નેટ્સ છોડીને બહાર જવું પડ્યું હતું. 20 મિનિટ સુધી ચાલી સારવાર, રાહતના સમાચાર મળ્યા. મેદાન પર ઈજા થયા બાદ તુરંત જ ટીમ ફિઝિયોને બોલાવવામાં આવ્યા હતા. શુભમન ગિલને લગભગ 20 મિનિટ સુધી મેડિકલ ટીમની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો હતો અને તેની જમણી કોણી પર પાટો બાંધવામાં આવ્યો હતો. આ દરમિયાન સિનિયર ખેલાડી રોહિત શર્માએ ડગઆઉટમાં પહોંચીને ગિલની ઈજાની સ્થિતિ જાણી હતી. જોકે, રાહતની વાત એ રહી કે દુખાવો ઓછો થતાં સેશન પૂરું થતાં પહેલાં ગિલે થ્રો-ડાઉન બોલનો સામનો કરવા માટે ફરી નેટ્સમાં વાપસી કરી હતી. કેપ્ટન ગિલ ઈજાગ્રસ્ત થયો તે પહેલાં અનુભવી જોડી રોહિત શર્મા અને વિરાટ કોહલીએ લગભગ 20 મિનિટ સુધી સાથે નેટ્સમાં આકરી પ્રેક્ટિસ કરી હતી. બંને દિગ્ગજો પૂરી લયમાં જોવા મળ્યા હતા અને સ્થાનિક નેટ બોલર્સ તેમજ ભારતીય બોલરો સામે શાનદાર શોટ્સ ફટકાર્યા હતા.



### ગેટ્સે કહ્યું- અમેરિકન સરકારે આ અંગે કાયદો બનાવવો જોઈએ

# AIના દુરુપયોગથી 100 કરોડ લોકોનાં મોત થઈ શકે

મુંબઈ

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે ચેતવણી આપી છે કે ખોટા હાથોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI એટલું શક્તિશાળી બની શકે છે કે તેનાથી 100 કરોડ લોકોનાં મૃત્યુ પણ થઈ શકે છે.

એક ઈન્ટરવ્યૂમાં ગેટ્સે જણાવ્યું કે ખરાબ ઈરાદા ધરાવતા લોકો સાથે AI ટૂલ્સનું સંયોજન અત્યાર સુધીનાં કોઈપણ હથિયાર કરતાં વધુ ખતરનાક બની શકે છે. તેમણે આ જોખમને ગંભીરતાથી લેવા જણાવ્યું છે.

ગેટ્સે અમેરિકન સરકાર પાસે AI અંગે કાયદો બનાવવાની માગ કરી છે. તેમણે જણાવ્યું કે કંપનીઓનું નિયંત્રણ પૂરતું નથી



અને સરકારી દેખરેખ તથા નિયમોનો અમલ જરૂરી છે. ગેટ્સે ઑગસ્ટમાં પ્રકાશિત પોતાના લેખમાં પણ AIનાં ત્રણ મોટાં જોખમો ગણાવ્યાં હતાં. બીજી તરફ, દુનિયામાં પહેલીવાર કોઈ AI મોડેલે સરકારી પોર્ટલ હેક કર્યું છે. આ ઘટના ઓસ્ટ્રેલિયામાં બની છે. OpenAIનું એક AI મોડેલ ઓસ્ટ્રેલિયાની હેલ્થ ડેટા સિસ્ટમમાં ઘૂસી ગયું. તેણે ફાઈલો સુધી પહોંચીને માહિતી મેળવી. તેમાં હેલ્થ ખર્ચ અને દવા સબસિડી સાથે જોડાયેલો ડેટા હતો. OpenAIએ આ ઘટના વિશે 54 દિવસ બાદ સરકારને જાણ કરી. ત્યારબાદ, વડાપ્રધાન અલ્બનીઝે ન્યૂયોર્કમાં OpenAIના પ્રમુખ સેમ ઑલ્ટમેન સાથે ફોન પર વાત કરીને વિલંબ અંગે નારાજગી વ્યક્ત કરી. આ દરમિયાન OpenAIના CEO સેમે કહ્યું કે હવે AI પર નિયંત્રણ રાખવું જરૂરી બની ગયું છે. તેમણે કહ્યું કે જો માનવીય નિયંત્રણ ગુમાવાશે તો સ્થિતિ ખૂબ ખરાબ થશે. ઓસ્ટ્રેલિયા હવે મામલાની તપાસ કરશે. ઓસ્ટ્રેલિયા હવે તપાસ કરશે કે કંપની સામે ફોજદારી કેસ બને છે કે નહીં. આ પણ તપાસવામાં આવી રહ્યું છે કે ઓસ્ટ્રેલિયાની સુરક્ષા એજન્સીઓ આ ઘૂસણખોરીને પહેલાં કેમ પકડી શકી નહીં. OpenAIએ પણ સ્વીકાર્યું કે તેના મોડેલોએ એવા પગલાં લીધાં, જે કંપનીનો ઈરાદો નહોતો. CEO સેમે કહ્યું કે દુનિયાના તમામ દેશોએ મળીને સુરક્ષા ધોરણો નક્કી કરવા જોઈએ.

### આ પગલાથી તેની સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવામાં આવશે

# સેબી રૂ. 10 લાખથી ઓછી રકમ ધરાવતા કેસોનું ફાસ્ટ-ટ્રેક સેટલમેન્ટ કરશે...

### આ વિન્ડો એવી સંસ્થાઓ માટે ઉપલબ્ધ રહેશે જેમણે અગાઉ ક્યારેય સેટલમેન્ટ માટે અરજી કરી નથી, તેમજ જેઓની અગાઉની અરજીઓ નકારી કાઢવામાં આવી હતી

મુંબઈ

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એવા કેસોમાં ફાસ્ટ-ટ્રેક સેટલમેન્ટની મંજૂરી આપશે જ્યાં સેટલમેન્ટની રકમ રૂ. ૧૦ લાખથી ઓછી હોય. આ પગલું તેની સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવાના હેતુથી કરાયેલા શ્રેણીબદ્ધ ફેરફારોનો એક ભાગ છે.




સુધારેલા માળખા હેઠળ, રૂ. ૧૦ લાખથી ઓછી સેટલમેન્ટ રકમ ધરાવતા કેસો સેબીની આંતરિક સમિતિમાંથી સીધા જ પૂર્ણકાલીન સભ્યોની પેનલ પાસે જઈ શકશે, જેનાથી સમાધાન પ્રક્રિયા ટૂંકી થશે. અમુક ઉલ્લંઘનો માટે, સેબી સેટલમેન્ટ રકમ દર્શાવતી નોટિસ જારી કરશે, જેથી સંબંધત એન્ટિટી નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવીને કાર્યવાહીનો નિકાલ લાવી શકે. આ મિકેનિઝમ નાણાકીય નિવેદનોની ખોટી રજૂઆત અને ભંડોળની ઉચાપત અથવા અન્યત્ર વાળી લેવા સંબંધિત કેસોને પણ આવરી લેશે. નિયામકે સેટલમેન્ટની રકમની ગણતરી માટે એક નવું ફોર્મ્યુલા પણ રજૂ કરી છે. સેબીએ સ્પષ્ટતા કરી છે કે બેઝ પેનલ્ટી (મૂળ દંડ) માં ગેરકાયદેસર નફાને ગણવામાં નહીં આવે, જેથી આવી રકમની બેવડી ગણતરી થવાની હાલની શક્યતા દૂર થશે. નિયામકે કારણદર્શક નોટિસનો જવાબ આપવા માટેનો ઉપલબ્ધ સમય ૬૦ દિવસથી વધારીને ૯૦ દિવસ કર્યો છે. અન્ય રાહતોમાં, નિયામકે કારણદર્શક નોટિસનો જવાબ આપવા માટેનો સમય ૬૦ દિવસથી વધારીને ૯૦ દિવસ કર્યો છે. આ ઉપરાંત, સંસ્થાઓને શો-કોઝ નોટિસ જારી થયાના ૬૦ દિવસ પહેલાં પણ સેટલમેન્ટ અરજી દાખલ કરવાની મંજૂરી મળશે. સેબીએ સુધારેલા નિયમોના અમલથી હાલના પેન્ડિંગ કેસોમાં સમાધાન મેળવવા માટે સંસ્થાઓને ૯૦ દિવસની એક વખતની વિન્ડો પણ પૂરી પાડી છે.

આ વિન્ડો એવી સંસ્થાઓ માટે ઉપલબ્ધ રહેશે જેમણે અગાઉ ક્યારેય સેટલમેન્ટ માટે અરજી કરી નથી, તેમજ જેઓની અગાઉની અરજીઓ નકારી કાઢવામાં આવી હતી, પાછી ખેંચી લેવામાં આવી હતી અથવા પરત કરવામાં આવી હતી. આવી સંસ્થાઓએ લાગુ સેટલમેન્ટ રકમ પર વધારાના ૨૦% ચૂકવવા પડશે.

### 10 કોમોડિટીઝમાં સૌથી ઝડપથી વિકસતી નિકાસ તરીકે ઉભરી આવ્યું

# સ્માર્ટફોનના જોરે ભારતીય ઈલેક્ટ્રોનિક્સ નિકાસ 26.66 અબજ ડૉલરને પાર...

મુંબઈ

વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ, નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ પાંચ મહિનામાં ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ 39.4% વધી 26.66 અબજ ડોલર પર પહોંચી. સ્માર્ટફોનનો ફાળો 60% રહ્યો, જ્યારે પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની નિકાસમાં 2913%નો ઉછાળો નોંધાયો. સરકારની PLI યોજનાથી Apple, Samsung જેવી કંપનીઓનું ઉત્પાદન વધ્યું. અમેરિકા, UAE, અને ચીન મુખ્ય બજારો બન્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ પાંચ મહિનામાં (એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન)




ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ૩૯.૪ ટકાના શાનદાર વધારા સાથે ૨૬.૬૬ અબજ ડાલર પર પહોંચી ગઈ છે. આ સાથે ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર દેશની ટોચની ૧૦ કમોડિટીઝમાં સૌથી ઝડપથી વિકસતી નિકાસ તરીકે ઉભરી આવ્યું છે. આ પ્રભાવશાળી વૃદ્ધિમાં સ્માર્ટફોનનો ફાળો સૌથી મોટો રહ્યો છે, જેણે કુલ ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં લગભગ ૬૦ ટકા (અંદાજે ૧૫.૯૬ અબજ ડૉલર) યોગદાન આપ્યું છે. આ ઉપરાંત, પ્રિન્ટેડ સકટ બોર્ડની નિકાસમાં પણ ૨૯૧૩ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે અને તે ૧.૪૬ અબજ ડૉલર પર પહોંચી ગઈ છે, જે અગાઉ મોટાભાગે આયાત પર નિર્ભર હતી. સરકારની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ યોજના અને ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમના કારણે દેશમાં એપલ, સેમસંગ, ફોક્સકોન અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ જેવી વૈશ્વિક અને સ્થાનિક કંપનીઓ દ્વારા ઉત્પાદન વેગવંતુ બન્યું છે.

# મોટા રોકાણોને પગલે ટેક ફંડિંગ 7% વધીને 10.3 બિલિયન ડોલર

- **જર્મની અને ફ્રાંસને પાછળ છોડીને ભારત વિશ્વનું પાંચમું સૌથી વધુ ભંડોળ મેળવનાર ટેક માર્કેટ બન્યું**

મુંબઈ

ભારતના ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સે ૨૦૨૬ના પ્રથમ નવ મહિનામાં ૧૦.૩ બિલિયન ડોલર એકત્ર કર્યા છે, જે ફંડિંગ રાઉન્ડમાં ૩૮% નો ઘટાડો થયો હોવા છતાં પાછલા વર્ષની સરખામણીએ ૭% વાધુ છે. આ તફાવત દર્શાવે છે કે બજાર હવે વાધુ કેન્દ્રિત બની રહ્યું છે. રોકાણકારો ઓછી કંપનીઓમાં મોટું મૂડીરોકાણ કરી રહ્યા છે, જ્યારે નવા અને પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટઅપ્સની સંખ્યા ઘટી રહી છે. ભારતમાં ૨૦૨૬ના નવ મહિનામાં ૬ યુનિકોર્ન બન્યા, જે ગયા વર્ષે ૪ હતા. ટ્રેક્સન ટેક્નોલોજીસના અહેવાલ મુજબ, ૨૧ સપ્ટેમ્બર સુધીમાં ૧,૧૩૪ ફંડિંગ રાઉન્ડ નોંધાયા હતા, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૧,૮૩૮ હતા. પ્રથમ વખત ભંડોળ મેળવનારી કંપનીઓમાં ૩૦% નો ઘટાડો થઈને તે ૩૩૮ થઈ ગઈ છે, જ્યારે સિરીઝ છ અને ત્યારપછીના રાઉન્ડ ૨૩% ઘટીને ૪૦૯ થયા છે.તેમ છતાં, મોટા સોદાઓએ કુલ ભંડોળ વાધારવાનું ચાલુ રાખ્યું હતું. ભારતમાં ઓછામાં ઓછા ૧૦૦ મિલિયન ડોલરના ૧૮ રાઉન્ડ નોંધાયા હતા. સીડ ફંડિંગ ૩૭% ઘટીને ઈ૬૯૮ મિલિયન થયું, જે સૌથી પ્રારંભિક તબક્કે રહેલા દબાણને રેખાંકિત કરે છે.૨૦૨૬ના નવ મહિનામાં જર્મની અને ફ્રાંસને પાછળ છોડીને ભારત વિશ્વનું ૫મું સૌથી વાધુ ભંડોળ મેળવનાર ટેક માર્કેટ બન્યું છે.

# અમદાવાદના મણિનગરમાં શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળ દ્વારા 19માં ગણપતિ મહોત્સવની શાનદાર ઉજવણી

## ભક્તિસભર માહોલમાં બાપાને અશ્રુભીની આંખે વિદાય અપાઈ






અમદાવાદ (પવન માકન)

અમદાવાદ શહેરના જાણીતા મણિનગર વિસ્તારમાં આવેલી મણિયાસ સોસાયટીમાં, શ્રી બળિયા દેવ મંદિર પાસે શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળના પ્રમુખ પવન માકનના માર્ગદર્શન હેઠળ આ વર્ષે પણ ગણપતિ મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મંડળ દ્વારા સતત ૧૯ વર્ષથી આ પરંપરાગત મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવે છે, જેમાં આસપાસના વિસ્તારના યુવાનોનો ઉત્સાહ અને સાથ-સહકાર હંમેશા અદભુત રહે છે. આ વર્ષના મહોત્સવની વિશેષતા એ રહી કે સ્થાપિત કરવામાં આવેલી ગણેશજીની ભવ્ય મૂર્તિનું નામ પ્રેમપૂર્વક 'સરકાર' રાખવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વખતે પણ ૧૨ દિવસ સુધી બાપાની પૂજા-અર્ચના, આરતી અને ધાર્મિક કાર્યક્રમો ધામધૂમથી સંપન્ન થયા હતા. મહોત્સવના અંતિમ દિવસે શ્રી ગણપતિ બાપાને અદભુત અને આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો, જેણે દર્શનાર્થીઓનું મન મોહી લીધું હતું. આ પવિત્ર અવસરે મંડળ દ્વારા ભક્તો માટે વિશાળ સ્તરે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નગરજનોએ જોડાઈને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

### ડીજેના તાલે ભક્તોની વિશાળ ઉપસ્થિતિ

વિસર્જન યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો અને યુવાનો ડીજેના તાલે ગણેશજીના ભક્તિગીતો પર ઝૂમી ઉઠ્યા હતા. 'ગણપતિ બાપા મોરિયા, મંગલ મૂર્તિ મોરિયા, ' ના ગુંજતા જયઘોષ સાથે સમગ્ર મણિનગર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

વિસર્જન પૂર્વે ભક્તો દ્વારા વિધિ-વિધાન અને પુરી નિષ્ઠાથી ગણેશજીની મૂર્તિની પૂજા અર્ચના કરવામાં આવી હતી અને અંતે અશ્રુભીની આંખો સાથે 'ગણપતિ બાપા મોરિયા'ના નારા લગાવીને બાપાને ભીની વિદાય આપવામાં આવી હતી. શ્રી બળિયાદેવ યુવક મિત્ર મંડળના આ સુંદર આયોજને સમગ્ર વિસ્તારમાં એક અનોખી ધાર્મિક અને સામાજિક એકતાની મિસાલ પ્રસ્થાપિત કરી છે.

વિશેષ નોંધ: મણિયાસ સોસાયટી ખાતે યોજાયેલા આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખ પવન માકન અને તમામ યુવક મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી, જે બદલ સ્થાનિક રહીસો અને ભક્તોએ મંડળનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

બાર દિવસની નિષ્ઠાપૂર્વક સેવા કર્યા બાદ જ્યારે ગણેશ વિસર્જનનો સમય આવ્યો, ત્યારે સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું. પ્રમુખ પવન માકન સહિત મંડળના તમામ સભ્યો અને યુવાનોની આંખોમાં બાપાને વિદાય આપતી વખતે હર્ષ અને વેદનાના આંસુ છલકાઈ આવ્યા હતા. સૌના મુખે એક જ ચર્ચા હતી કે, 'આખા વર્ષની રાહ જોવડાવનાર બાપા હવે જઈ રહ્યા છે, અમને બાપાની ખૂબ યાદ આવશે.'

# AMCનું બુલડોઝર એક્શન: દબાણકારો પર તંત્રની લાલ આંખ

### 1 સપ્ટેમ્બરથી 24 સપ્ટેમ્બર દરમિયાન કરોડોની કિંમતનો લાખો કિલો માલ જપ્ત અને લાખોનો દંડ વસૂલ!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને જાહેર રસ્તાઓ પર થતા દબાણોથી પરેશાન આમ જનતા માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના એસ્ટેટ ખાતા દ્વારા શહેરના તમામ ૭ ઝોનમાં દબાણ હટાવવાની મહાઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

તંત્ર દ્વારા જાહેર રસ્તાઓ, ફૂટપાથ અને વ્યાપારી વિસ્તારોમાંથી ગેરકાયદે દબાણોનો સફાયો કરવા માટે અત્યંત આક્રમક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના આંકડા જોઈને દબાણકારોના હોશ ગયા છે.

AMC ના એસ્ટેટ વિભાગ દ્વારા ગત ૧ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર,




૨૦૨૬ સુધીમાં કરવામાં આવેલી સઘન ડ્રાઈવના સત્તાવાર આંકડા નીચે મુજબ છે. ૧,૪૨૮ લારી-ગલ્લા દૂર: રસ્તાઓ ઘેરીને બેસી જતા લારી-ગલ્લા ધારકોને ખદેડીને રસ્તા ખુલ્લા કરાયા. ૪૧૩ શેડ દૂર: ગેરકાયદે બાંધકામ અને શેડ ઊભા કરીને રસ્તો રોકનારાઓ પર બુલડોઝર ફર્યું. ૧,૮૮૨ વાંસ-વળી-તાડપત્રી જપ્ત: લારી અને પથારાવાળાઓ દ્વારા ઊભા કરાયેલા અસ્થાયી દબાણો હટાવ્યા. ૮,૪૭૯ અન્ય પરચૂરણ માલસામાન દૂર: રસ્તા પર વેચાણ અર્થે પથારેલો હજારો કિલોગ્રામ માલસામાન જપ્ત કરાયો. ૩,૬૮૦ જાહેરાત બોર્ડ, બેનર અને હોર્ડિંગ્સ દૂર: શહેરમાં ગેરકાયદે લગાવેલા પોલ અને બેનરોનો સફાયો કરાયો. ૨,૩09 વાહનો લોક કરાયા: નો-પાર્કિંગમાં કે જાહેર રસ્તા પર આડેધડ પાર્ક કરેલા વાહનોને સજા રૂપે લોક મારવામાં આવ્યા. ૨,૩40 વાહનોને કરાયો દંડ: નિયમોની ધજાગરા ઉડાવતા વાહનચાલકો પાસેથી સ્થળ પર જ દંડ વસૂલાયો. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારાઓ પાસેથી લાખો રૂપિયાનો દંડ વસૂલીને સરકારી તિજોરીમાં જમા કરાવ્યા.

### તંત્રની અણઘડ નીતિ: ચાર રસ્તા બંધ કરી ડાયવર્ઝન આપતા મુશ્કેલીઓ વધી

# અમદાવાદના મકરબા ઓવરબ્રિજનું લોકાર્પણ: પહેલા જ દિવસે 'વિકાસ' ટ્રાફિકના જામમાં ફસાયો

અમદાવાદ

ગુજરાતમાં વિકાસના મોટા-મોટા દાવાઓ સાથે લોકાર્પણો તો ધામધૂમથી કરી દેવામાં આવે છે, પરંતુ આયોજન વગરની કામગીરી પ્રજા માટે કેવી આફત બની જાય છે તેનું જીવંત ઉદાહરણ મકરબા ઓવરબ્રિજ પર જોવા મળ્યું છે. અમદાવાદના મકરબા ખાતે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું ગત 24 સપ્ટેમ્બરે મુખ્યમંત્રીના હસ્તે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રજાને રાહત આપવાના દાવા સાથે શરૂ થયેલો આ બ્રિજ શરૂ થયાના પહેલા જ દિવસે ટ્રાફિક વ્યવસ્થાની નિષ્ફળતાનો શિકાર બની ગયો છે.

સરખેજ-જુહાપુરા અને એસ.જી. હાઈવે (SG Highway) જેવા અત્યંત વ્યસ્ત વિસ્તારોને જોડતા આ મહત્વપૂર્ણ બ્રિજ પર લોકાર્પણની સાંજથી જ ચક્કાજામની પરિસ્થિતિ સર્જાઈ હતી. નવો બ્રિજ શરૂ થવાથી રાહત મળશે તેવી આશા રાખીને બેઠેલા વાહનચાલકો કલાકો





સુધી ટ્રાફિકમાં ફસાયા રહ્યા હતા, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થિતિ સુધારવાને બદલે વહીવટી તંત્ર અને ટ્રાફિક વિભાગની અણઘડ નીતિને કારણે મુશ્કેલીઓ વધુ વકરી હતી. 25 સપ્ટેમ્બરે તંત્ર દ્વારા અચાનક ચાર રસ્તા બંધ કરીને ભારે ડાયવર્ઝન આપવામાં આવ્યા હતા, જેના કારણે મકરબા અને આસપાસના આંતરિક રસ્તાઓ પર વાહનોનું ભારણ અચાનક વધી ગયું અને લોકો અસહ્ય ટ્રાફિક ત્રાસનો ભોગ બન્યા હતા.

### અમદાવાદના આંબાવાડીમાં હાહાકાર

# વિકાસના વિરોધની આડમાં દેશના PM નરેન્દ્ર મોદી સામે અભદ્ર ભાષા અને ખુલ્લી દાદાગીરી!!

અમદાવાદ

ગુજરાતની ગૌરવવંતી ભૂમિ અને અમદાવાદ જેવા શાંતિપ્રિય શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક અત્યંત ચોંકાવનારી અને સળગતી ઘટના સામે આવી છે. અમદાવાદના આંબાવાડી વિસ્તારના મહેનતપુરા (ભૂદરપુરા) પંથકમાંથી એવા અહેવાલો અને વીડિયો સામે આવ્યા છે, જેણે સમગ્ર રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભૂકંપ સર્જી દીધો છે. સવાલ એ ઊભો થાય છે કે શું આ વિકાસનો વિરોધ છે કે પછી દેશના સર્વોચ્ચ પદ પર બેઠેલા વડાપ્રધાન પ્રત્યેની નફરત અને ખૂલ્લી ગુંડાગીરી?

સ્થાનિક સૂત્રો અને પ્રાપ્ત માહિતી અનુસાર, આંબાવાડીના મહેનતપુરા વિસ્તારમાં રીડેવલપમેન્ટ (પુનર્વિકાસ) અથવા અન્ય સ્થાનિક મુદ્દાઓને લઈને વિવાદ ચાલી રહ્યો છે. પરંતુ આ વિવાદ હવે લોકશાહીના વિરોધથી આગળ વધીને સીધી દાદાગીરી અને ધાકધમકીઓ પર આવી ગયો છે. સ્થળો પરથી મળતી માહિતી મુજબ, કેટલાક અસામાજિક તત્વો દ્વારા માત્ર વિકાસના કાર્યોનો જ વિરોધ નથી કરવામાં આવી રહ્યો, પરંતુ હદ તો ત્યારે પાર થઈ ગઈ જ્યારે આ તત્વોએ જાહેરમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અપશબ્દો અને મર્યાદા વગરની ભાષાનો પ્રયોગ કર્યો.

'એ બેન ક્યાં રહે છે?': ભયના સાછાયામાં જીવતા સ્થાનિકો અને ખુલ્લી ધમકીઓ: આ અરાજકતાનો ભોગ બનેલા સ્થાનિક અવાજો અને જાગૃત નાગરિકોએ જ્યારે આ ગુંડાગીરી સામે અવાજ ઉઠાવ્યો અને પહેલો વીડિયો સોશિયલ મીડિયા પર રિલીઝ કર્યો, ત્યારે તેમને ડરાવવાનો અને દબાવવાનો ખેલ શરૂ થઈ ગયો. મફતની દાદાગીરી ચલાવતા આ તત્વોએ વિસ્તારમાં બેફામ બનીને પૂછપરછ શરૂ કરી દીધી કે, 'એ બેન ક્યાં રહે છે?' આ પ્રકારની ધમકીઓથી સ્પષ્ટ થઈ જાય છે કે મહેનતપુરા અને આસપાસના વિસ્તારોમાં ગુનેગારોના મનોબળ કેટલા ઊંચા છે. જ્યાં સામાન્ય જનતા કે અવાજ ઉઠાવનારાઓ દિવસ-રાત ખૌફના સાછાયામાં જીવતા હોય, ત્યાં કાયદો અને પોલીસની હાજરી પર પણ સવાલો ઉઠવા સ્વાભાવિક છે.

### 17 વર્ષની સગીરાનો 27 વર્ષીય યુવક સાથે પ્રેમસંબંધ: 181 અભયમની મદદ લેવાઈ

અમદાવાદ

અમદાવાદ ઉત્તર વિસ્તારમાં પ્રેમસંબંધને લઈને બનેલી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ૧૭ વર્ષની સગીરાના ૨૭ વર્ષીય યુવક સાથેના સંબંધોની જાણ પરિવારને થતાની સાથે જ ઘરમાં મોટો વિવાદ સર્જાયો હતો. આ મામલો એટલી હદ સુધી વણસી ગયો કે સગીરાએ પોતાના જ માતા-પિતા સાથે મારઝૂડ કરી અને ઘરના સભ્યોને ડરાવવા માટે આત્મહત્યા કરી લેવાની ધમકીઓ સુદ્ધાં આપી હતી. પરિસ્થિતિ બેકાબૂ બનતા આખરે ભયભીત પરિવારજનોએ 181 અભયમ હેલ્પલાઇનની મદદ લેવાની ફરજ પડી હતી. અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચીને સગીરા અને તેના પરિવારનું કાઉન્સેલિંગ કરી રહી હતી, તે દરમિયાન કાઉન્સેલિંગની પ્રક્રિયા ચાલુ હતી ત્યારે જ સગીરા અચાનક ઉશ્કેરાઈ ગઈ હતી અને ઘરમાં આવેલા બાથરૂમમાં જઈને અંદરથી દરવાજો બંધ કરીને પુરાઈ ગઈ હતી. અભયમની સજાગ ટીમે ભારે સમજાવટ બાદ તેને હેમખેમ બહાર કાઢી હતી.

# અમદાવાદમાં કેબ વોર વકર્યો: ઉબર-રેપિડો છોડીને 'ભારત ટેક્સી' તરફ દોટ!

### મુસાફરો પર દબાણ કરનારા ડ્રાઈવરો સામે હવે પોલીસની લાલ આંખ!

અમદાવાદ

દેશના આર્થિક અને વાણિજ્યિક હબ સમાન અમદાવાદ શહેરમાં ઓનલાઇન રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ્સ (કેબ સર્વિસ) વચ્ચે ખતરનાક હરીફાઈ જામી છે. એક તરફ ઉબર (Uber) અને રેપિડો (Rapido) જેવા દિગ્ગ્ પ્લેટફોર્મ્સને છોડીને મોટી સંખ્યામાં કેબ ડ્રાઈવરો નવી ઉભરેલી 'ભારત ટેક્સી' એપ સાથે જોડાઈ રહ્યા છે, તો બીજી તરફ આ બદલાવના કારણે સામાન્ય મુસાફરો માટે રસ્તા પર મુસાફરી કરવી મુશ્કેલ બની ગઈ છે. શહેરમાં કેબની ભારે અછત સર્જાઈ છે અને ડ્રાઈવરો દ્વારા મુસાફરોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને દબાણ




કરવાની ઘટનાઓ વધતાં આખરે પોલીસે મેદાનમાં ઉતરીને કડક સૂચનાઓ જારી કરવી પડી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી ઓનલાઇન કેબ સર્વિસ આપતી કંપનીઓની પોલિસીઓ અને કમિશનના વિવાદ વચ્ચે ડ્રાઈવરોનો મોટો વર્ગ 'ભારત ટેક્સી' તરફ શિફ્ટ થઈ રહ્યો છે. આ વ્યાપક ફેરફારના કારણે અચાનક જ: ઉબર અને રેપિડો પર ગાડીઓ ઓછી થઈ જવાથી મુસાફરોને સમયસર કેબ મળતી બંધ થઈ ગઈ છે.

જે ડ્રાઈવરો ભારત ટેક્સીમાં જોડાઈ ચૂક્યા છે તેઓ હવે મુસાફરોને ઓનલાઈન બુકિંગ કેન્સલ કરવા માટે મજબૂર કરી રહ્યા છે. અમદાવાદના અનેક મુસાફરોએ તંત્ર સમક્ષ ઉગ્ર ફરિયાદો નોંધાવી છે કે જ્યારે તેઓ ઉબર કે રેપિડો પર રાઈડ બુક કરે છે, ત્યારે ડ્રાઈવરો ફોન કરીને અથવા રૂબરૂ મળીને બુકિંગ રદ કરવા અને ફરજિયાત 'ભારત ટેક્સી' એપ વાપરવા અથવા સીધી રોકડમાં મુસાફરી કરવા દબાણ કરે છે.

## સંક્ષીપ્ત સમાચાર

### જુહાપુરાની કુખ્યાત 'બાબુ કાલીયા ગેંગ'નો ખુંખાર સાગરીત ઝોન-7 LCBના સકંજામાં!

શહેરના કુખ્યાત અને સંવેદનશીલ ગણાતા જુહાપુરા વિસ્તારમાંથી અસામાજિક તત્વોની કમર ભાંગી નાખતી એક મોટી સફળતા સામે આવી છે. હત્યાના પ્રયાસ અને અત્યંત ગંભીર ગણાતા 'ગુજસીટોક' (GUJSIOC) જેવા કાળા કાર્યોના ગુનામાં લાંબા સમયથી ફરાર ચાલી રહેલો કુખ્યાત બાબુ કાલીયા ગેંગનો સાગરીત આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ શહેરના ઝોન-7 એલસીબી (LCB) ની ટીમને બાતમી મળી હતી કે કુખ્યાત બાબુ કાલીયા ગેંગનો સક્રિય અને નાસતો ફરતો સાગરીત વેજલપુર વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે બાજ નજર રાખીને ચક્રો ગતિમાન કર્યા હતા અને વેજલપુર વિસ્તારમાંથી વોચ ગોઠવીને રોઝાનખાન પઠાણ નામના આ કુખ્યાત શખ્સને દબોચી લીધો હતો. પોલીસની આ અચાનક અને ત્વરિત કાર્યવાહીથી ગુનેગારોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

### ચાંગોદરમાં શરમજનક કાંડ: 13 વર્ષની સગીરા સાથે કૌટુંબિક સગાએ જ આચર્યું દુષ્કર્મ!

ગુજરાતમાં સુરક્ષાના મોટા-મોટા દાવાઓ વચ્ચે અમદાવાદના ગ્રામ્ય પંથકમાંથી માનવતાને શર્મસાર કરતી અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદ નજીકના ઔદ્યોગિક અને સંવેદનશીલ ગણાતા ચાંગોદર વિસ્તારમાં એક ૧૩ વર્ષ અને ૮ માસની માસૂમ સગીરા સાથે તેના જ કૌટુંબિક સગા દ્વારા વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યાનું બહાર આવ્યું છે. આરોપીએ સગીરાને ડરાવી-ધમકાવીને તેની મજબૂરીનો લાભ લીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ચાંગોદર વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષ 8 માસની સગીરાને તેનો જ કૌટુંબિક સગો ભાઈ કે કાકા થતો શખ્સ છેલ્લા કેટલાક સમયથી ટાર્ગેટ કરી રહ્યો હતો. આરોપીએ સગીરાને અલગ-અલગ ડરામણી ધમકીઓ આપીને બ્લેકમેલ કરી હતી. નરાધમે પોતાના જ પરિવારની દીકરીની આબરૂ સાથે ખેલ કરીને છેલ્લા ૫ મહિનામાં ૪ થી ૫ વખત તેની સાથે બળજબરીપૂર્વક અકુદરતી કે અનૈતિક સંબંધો બાંધ્યા હતા.

### અમદાવાદના નરોડામાં દારૂનો મોટો જથ્થો ઝડપાયો: રૂ.26.27 લાખનો મુદ્દામાલ કબજે

અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં SMCએ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ગેલેક્ષી પાર્લર પાસે અમદાવાદ-હિંમતનગર રોડ પરથી પોલીસે આશરે 71 પેટીમાંથી 3,408 બોટલ મળી કુલ રૂ.11,27,407નો IMFL જથ્થો કબજે કર્યો હતો. દરોડા દરમિયાન દારૂના જથ્થા ઉપરાંત એક વાહન સહિત કુલ રૂ.26,27,407નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. SMCના પોલીસ ઈન્સ્પેક્ટર પી.પી. બ્રહ્મભટ્ટની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે નરોડા પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસે ગુલાબસિંહ ઉર્ફે વાસુ રામસિંહ વાઘેલા, રહે. રામનગર, તા. દાંતીવાડા, જિ. બનાસકાંઠા સહિત કુલ 6 આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

### ટ્રાફિક નિયમન દરમિયાન એક્ટિવા રોકવા ઈશારો કરતાં ચાલકે પોલીસ સાથે ગેરવર્તણૂક કરી

ગણેશ વિસર્જનના બંદોબસ્ત વચ્ચે શુક્રવારે રાત્રે અમદાવાદ શહેરના હાટકેશ્વર ચાર રસ્તા પાસે સર્જાયેલા ભારે ટ્રાફિક જામ દરમિયાન ટ્રાફિક નિયમન કરી રહેલા પીએસઆઈ સાથે એક એક્ટિવાચાલકે ઉશ્કેરાઈને બોલાચાલી કરી ફરજમાં રુકાવટ કરી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને વસ્ત્રાલ ખાતે રહેતા વેપારી સામે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ આર. આર. ચૌધરી સ્ટાફના કર્મચારીઓ સાથે 25 સપ્ટેમ્બરે ગણેશ વિસર્જનના બંદોબસ્ત અને પેટ્રોલિંગમાં હાજર હતા. રાત્રે હાટકેશ્વર ચાર રસ્તા પાસે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

### ચાંદખેડામાં પતિની પત્ની સામે કાળાજાદૂની ફરિયાદ : લગ્ન બાદ તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવ્યાનો આક્ષેપ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે પોતાની પત્ની તપસ્યા 6 લોકો વિરુદ્ધ વિશ્વાસઘાત તથા કાળાજાદૂની ફરિયાદ નોંધાવી છે. યુવકના વર્ષ 2025માં મહારાષ્ટ્રમાં રહેતી યુવતી સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પત્નીએ કાવતરાના ભાગરૂપે લગ્ન કર્યા હોવાની અને તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ચાંદખેડા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ચાંદખેડામાં રહેતા 26 વર્ષીય અર્જુન રાજપૂતે ફરિયાદ નોંધાવી છે કે, લગ્ન બાદ તપસ્યા અવારનવાર અર્જુન પાસેથી રૂપિયા માગતી હતી અને પૈસા ન આપે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI